સુવિચાર
"શબ્દો ચાવી જેવા હોય છે. એ કોઈનું હૃદય ખોલાવી શકે છે ને મોઢું બંધ પણ કરાવી શકે છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૦/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક સુદ-૮ વર્ષ : ૧૬ અંક : ૨૬૮

## મહા આરતી, શોભાયાત્રા, મહાપ્રસાદ, સંતવાણી સહિતનાં કાર્યક્રમો દ્વારા

# અમરેલી જિલ્લામાં પૂ. જલારામબાપાની ૨૨૬મી જન્મજયંતીની ઉજવણી

**જિલ્લાનાં મુખ્ય મથક ખાતે વરસાદી માહોલનાં હિસાબે માત્ર મહાઆરતીનું આયોજન કરાયું**

**લોહાણા ગેસ્ટ હાઉસ ખાતે પૂ. જલારામબાપાને વિશેષ શૃંગાર ને અન્નકૂટ ધરવામાં આવ્યો**

**બાબરા, સાવરકુંડલા, વીજપડી, ધારી, બગસરા સહિતનાં શહેરોમાં પણ આસ્થાભેર ઉજવણી**

**પૂ. જલારામબાપાની જન્મજયંતીની ઉજવણીમાં રઘુવંશી તેમજ અન્ય સમાજ પણ જોડાયો**






અમરેલી, તા. ૨૯
સંત શિરોમણી, પરમભકત પૂ. જલારામબાપાની ૨૨૬મી જન્મ જયંતીની અમરેલી જિલ્લામાં આજે આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મહા આરતી, શોભાયાત્રા, મહાપ્રસાદ અને પૂ. જલારામબાપાને વિશેષ શૃંગાર અને અન્નકૂટ ધરીને પૂ. જલારામબાપાનાં ભકતોએ ધન્યતા અનુભવી હતી.

જિલ્લાનાં મુખ્ય મથક ખાતે લોહાણા મહાજન ધ્વારા વરસાદી માહોલનાં લીધે શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમ રદ કરીને સાંજે મહાઆરતીનું આયોજન કરાયું હતું. તો લોહાણા ગેસ્ટ હાઉસમાં આવેલ પૂ. જલારામ મંદિરે પૂ. જલારામબાપાને વિશેષ શૃંગાર કરીને અન્નકૂટ ધરવામાં આવેલ.

તદુઉપરાંત, સાવરકુંડલા, બાબરા, વીજપડી, ધારી, ચલાલા, બગસરા, દામનગર સહિત તમામ સ્થળોએ પૂ. જલારામબાપાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રઘુવંશી તેમજ વિવિધ સમાજ જોડાયો હતો.

## જિલ્લામાં ૨૪ કલાકમાં અપમૃત્યુની ૨ ઘટના

# રાજુલાનાં બાલાપુર ગામે પરિણીતાએ ઝેરી દવા પી લીધી : રોહિસાનાં યુવકનું શોર્ટથી મૃત્યુ

**નાના એવા ગામોમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૯
અમરેલી જિલ્લામાં એક મહિલા તથા યુવકનું અપમૃત્યુ થયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

રાજુલા તાલુકાના બાલાપર ગામે રહેતા વાલુબેન પીઠાભાઈ સતીયા નામના ૩૫ વર્ષિય પરિણીતાને નાનપણથી જ ઈસ્ટોલીયાની બીમારી હોય. જેનાથી કંટાળી જઈને તેણીએ ગત તા. ૨૩ના રોજ સાંજે ૭ વાગ્યે બાલાપર ગામે પોતાના ઘરે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા તેણીનું સારવાર

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,08,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## ફાયર ફાઈટર, એન.ડી.આર.એફ., પોલીસ સહિતની ટીમે શોધખોળ આદર્યા બાદ

# રાજુલા : ધારેશ્વર ગામે ધાતરવડી નદીનાં પ્રવાહમાં તણાઈ જનાર ૪ વ્યકિતઓ પૈકી ૨ નાં મૃતદેહ મળી આવ્યા

**મૃતકનુ નામ મેરામભાઈ પરમાર અને પિન્ટુભાઈ વાઘેલા હોવાનું બહાર આવ્યુ**




અમરેલી, તા. ૨૯
અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ ચાર દિવસથી કમોસમી વરસાદના કારણે અનેક નદી નાળા છલકાય જવા પામેલ છે. ત્યારે આવા છલકાયેલા નદી નાળામાં અકસ્માતે પડી જવાનાં કારણે કેટલાંક લોકો મોતને ભેટે છે. ત્યારે ગઈકાલે રાજુલા તાલુકાના ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં પડેલા ત્રણ સગાભાઈઓ સહિત ૪ લોકો ચેકડેમના પાણીમાં ગરક થઈ જવા પામેલ હતા. તે પૈકી સાળા તથા કૌટુંબિક બનેવીના મૃતદેહ અમરેલી ફાયર ટીમે શોધી કાઢેલ છે. આજે સાંજે આ બનાવ સ્થળે ધોધમાર વરસાદ શરૂ થતાં અને નદીમાં પાણીનો પ્રવાહ વધી જતાં અમરેલી ફાયર ટીમની બોટમાં પાણી ભરાય જતાં કામગીરીમાં વિક્ષેપ ઉભો થયો છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના બર્બટાણાના ગામે રહેતા અલ્પેશ ખીમાભાઈ પરમાર તથા તેમનાં ભાઈ મેરામભાઈ ખીમાભાઈ પરમાર, કાનાભાઈ ખીમાભાઈ પરમાર, ભરતભાઈ ખીમાભાઈ પરમાર તેમજ તેમનાં કૌટુંબિક બનેવી પિન્ટુભાઈ ઉર્ફે હિંમતભાઈ પાંચાભાઈ વાઘેલા સહિતના લોકો ગઈકાલે ધારેશ્વર ગામેથી આગરીયા ગામે જવા માટે ગઈકાલે

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન
24/7 ઇમરજન્સી
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
ઓર્થોપેડિક વિભાગ
અદ્યતન ક્લાસ ૧૦૦ મોડ્યુલર લેમીનાર એરફ્લો અને IITVથી સજ્જ ઓપરેશન થિએટરમાં હાડકાંના ઓપરેશનો અને ફ્રેકચર, હાડકાની ભાંગ તૂટ, પ્લાસ્ટર, ગોઠણ - થાપા નો સાંધો/ગોળો બદલવો
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

તારીખ : ૨૯-૧૦-૨૦૨૫
લાભ પાંચમથી
ચાલુ કરી રહ્યા છીએ...
naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
(ગોળ હોસ્પિટલ) - ચિતલ રોડ,અમરેલી
WE ARE HIRING
MEDICAL OFFICER
Walk-In Interview
Date : 24/10/2025 to 05/11/2025
Time : 10 Am to 2 Pm
Send your resume
dr.arpanjani@gmail.com
9978966629/7984691227
APPLY NOW
Place : Nct campus, Chittal road, Amreli | www.nctamrelihospital.com

# અમરેલીની સુપ્રસિધ્ધ "નારી હોસ્પિટલ"માં IVF સુવિધા સાથે સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલનો દબદબાભેર પ્રારંભ



અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે ૮ વર્ષથી માણેકપરા ખાતે કાર્યરત નારી હોસ્પિટલમાં આધુનિક ટેકનોલોજી સાથે આઈવીએફ સુવિધાનો દબદબાભેર પ્રારંભ થવાની સાથે સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલનો પણ પ્રારંભ લાભ પાંચમનાં પવિત્ર દિને કરવામાં આવ્યો. નારી હોસ્પિટલ આવીએફની સુવિધા નિઃસંતાન દંપતીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ડો. ચિરાગ કુબાવત, ડો. ઉપાસના કુબાવત, ડો. વિજય નાકરાણી અને ડો. રજનીકાંત રીબડીયા તેમજ આયુર્વેદ હોસ્પિટલમાં ડો. દિક્ષીતા ભંડેરી દર્દીઓની સારસંભાળ લેશે. આ પ્રસંગે રાજય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા, રાજકોટનાં સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, યુવા નેતા મનિષ સંઘાણી, ભાજપ અગ્રણી વનરાજભાઈ કોઠીવાલ, રૂજુલ ગોંડલીયા, ભગીરથ ત્રિવેદી, સંજય વણઝારા, ભાજપ અગ્રણી હિરેન હિરપરા, દીપક વઘાસીયા સહિતનાં રાજકીય–સામાજિક અને સહકારી અગ્રણીઓ ડો. ચિરાગ કુબાવત પરિવાર અને ડો. દિક્ષિતા ભંડેરી પરિવારને શુભકામના પાઠવી હતી.

### રજમાંથી ૨૦ નગરસેવકોમાં

## ચલાલા પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસ ઉભો થયો

### ૧૫ દિવસમાં બોર્ડ બેઠક બોલાવવા માંગ કરાઈ

ચલાલા, તા. ૨૯

ચલાલા નગરપાલિકામાં ભાજપના મહિલા પ્રમુખ અને ઉપપ્રમુખ સામે ભાજપના જ બહુમતી સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચીફ ઓફિસર પાસે રજૂ કરતા નગર પાલિકામાં રાજકીય ભૂકંપ સર્જાયા જેવી સ્થિતિ નિર્માણ થઈ છે અને રાજકારણ ગરમાયુ છે.જાણવા મળેલ વિગત મુજબ આજે તા. ૨૯/૧૦ ના બપોરના ૧૨ઃ૩૯ મિનિટે વિજય મર્હુતમાંજ ચલાલા વોર્ડ નંબર બે ના મહિલા સદસ્ય મુક્તાબેન કૌશિકભાઈ પરમારે ચલાલા નગરપાલિકા ના ચીફ ઓફિસર ને ચલાલા નગરપાલિકાના મહિલા પ્રમુખ નયનાબેન વનરાજભાઈ (ભૈલુભાઈ) વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ બાવચંદભાઈ માલવીયાની સામે ભ્રષ્ટાચાર, વહીવટી જ્ઞાન તેમજ સંકલનનો અભાવ, અસભ્ય વાણી વર્તન, અવિશ્વાસ, અને સભ્યોની સતત અવગણના, વારંવાર જુઠ્ઠું બોલવાની ટેવ સહિતના કારણોની વિગતસર ૨૦ સભ્યોની સંમતિ વાળી અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરતા ચલાલા નગરપાલિકાના રાજકારણમાં ચકચાર મચી છે. જાણવા મળતી માહિતી મુજબ ચલાલા નગરપાલિકાની ગત તા. ૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. તા. ૧૮/૦૨ નાપરિણામ રજૂ થતાં ચલાલાની જનતાએ ભાજપને ૨૪ એ ૨૪ બેઠકોની ભેટ ધરી દીધી હતી. અને તા. ૦૫/૦૩ના રોજ પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી થતાં પાર્ટીએ નયનાબેન વાળાને પ્રમુખ તરીકે અને પ્રવીણભાઈ માળ વીયાને ઉપપ્રમુખ તરીકેની નિમણૂક કરી હતી. અને ત્યારથી જ બહુમતી સભ્યોમાં નારાજગી દેખાતી હતી. ત્યારબાદ નગરપાલિકાના મહિલા પ્રમુખે તા. ૨૬/૦૩ ના રોજ પ્રથમ બોર્ડ બોલાવેલ હતું તેમાં માત્ર બજેટનો મુદ્દો લેવામાં આવેલ હતો ત્યારે કોઈપણ વિકાસનો મુદ્દો કે આગામી આયોજનનો મુદો લીધો ન હોતો ત્યારે પણ મોટાભાગના સભ્યો ગેરહાજર રહી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાર પછી ચીફ ઓફિસરે લેખિતમાં જાણ કરેલ હોવા છતાં પ્રમુખએ આજદિન સુધીમાં નગરપાલિકાનું બોર્ડ બોલાવેલ ના હતું જેથી ન.પા.મા અંદાજે ૧૭ કરોડ રૂપીયાની ગ્રાન્ટ હોવા છતા શહેરના વિકાસ કાર્યોના આયોજન થઈ શક્યા નથી. વિશેષમાં બહુમતી સભ્યો એ જણાવ્યા મુજબ થોડા ટાઈમ પહેલા વિશેષ સફાઈ મુદ્દે ત્રણ લાખના કામમાં બે લાખનો ભ્રષ્ટાચાર સાબિત થયો. તેમજ વોટર કુલર, લાઈટના ટાવર, તેમજ ૨૫ લાખના ખર્ચે નવા ઉભા કરાયેલા એલીડી સહિતના વીજપોલમાં પણ નબળી ગુણવતા અને ભ્રષ્ટાચાર થયા હોવાની રજૂઆત કરેલ છતાં કોઈ પરિણામ નહીં આવતા અને સતત સભ્યોની અવગણના થતી હોવાની રજૂઆત સ્થાનિક ધારાસભ્ય જીલ્લા ભાજપ પ્રમુખ અને પ્રદેશના આગેવાનોને અનેકવાર રૂબરૂ રજૂઆત કરેલહોવા છતાં કોઈ જ પરિણામ નહીં આવતા. આખરે ધીરજ ખૂટી જતા આજે ભાજપના વરિષ્ઠ પાલિકાના સદસ્યો દ્વારા ના છૂટકે શહેરના વિશાળ હિતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ સામે ૨૪ માંથી ૨૦ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત ચલાલા નગરપાલિકાના ચીફ ઓફિસરને આપેલ છે અને પ્રમુખને પણ ૧૫ દિવસમાં બોર્ડ બોલાવવા માટેની લેખિત અરજી આપેલ છે. જો ૧૫ દિવસમાં પ્રમુખ બોર્ડ નહીં બોલાવે તો ઉપલા અધિકારીઓને રજૂઆત કરીશું તેમ બહુમતી સભ્યોએ જણાવેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટીફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ**

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### કારતક સુદ આઠમ એટલે કે ગોપાષ્ટમી

## ભગવાની કૃષ્ણની પ્રાણપ્યારી ગૌમાતાની સેવા-રક્ષાનો સંકલ્પ કરીએ


અમરેલી, તા. ૨૯

ભગવાન કૃષ્ણની પ્રાણ પ્યારી ગોપાષ્ટમી છે આજના પવિત્ર દિવસે યશોદા માતાએં ભગવાન બાલકૃષ્ણને શૃંગાર કરી પ્રથમવાર ગૌમાતાને ચરાવવા માટે મોકલ્યા હતા. જે પરમાત્માની ચરણરજ માટે સે તરસે છે તે સ્વયં પોતે ગૌમાતાની સેવા માટે પથ્થરો અને વન–વગડામાં રખડયા હતા. ગૌમાતાની સીધી સેવા ભગવાન શ્રી કૃષ્ણ સુધી પહોંચે છે ગૌમાતાની સેવા માટે તેમનું નામ ગોપાલ પડયું. એમ કહી શકાય કે ગાય આપણા આરાધ્યની આરાધ્યા છે. ગૌમાતામાં સમગ્ર દેવી દેવતાઓ નિવાસ કરે છે, ગૌમાતાની સેવાથી પૂર્વજોની પણ સદગતી પ્રાપ્ત થાય છે.

આજના આ યુગમાં કૃષ્ણ ભગવાનને તો અનેક પ્રકારના ભોગ ધરવામાં આવે છે. પરંતુ તેમની પ્રાણ પ્યારી ગૌમાતા ઘણી જગ્યાએ ભૂખી–તરસી જોવા મળે છે. આજના ગોપાષ્ટમીના પવિત્ર દિવસે ગૌમાતાની સેવાનું પણ્ય સંકલ્પ લઈએ.

**ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ?**

(૧) ભારતની ગાયના, દૂધ, દહીં, ઘીનો જ ઉપયોગ કરીએ, (૨) પંચગવ્યથી નિર્મિત દવાઓનો ઉપયોગ કરીએ, (૩) ગૌ આધારીત જૈવિક ખેતી અપનાવીએ, (૪) ગૌ આધારીત ગ્રામોદ્યોગની સ્થાપના કરીએ, (૫) એક પરીવાર થકી એક ગાયનું પાલન પોષણ કરીએ, (૬) ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ, (૭) ગૌશાળા શરૂ કરવામાં નિમિત બનીએ, (૮) ગૌ સારવાર કેન્દ્રો–હોસ્પીટલને મદદરૂપ થઈએ, (૯) માંગલિક કાર્યો અને શુભ



અવસરો પર ગૌમાતા માટે મંગલનિધિ આપીએ, (૧૦) જન્મદિવસ, લગ્ન સંસ્કાર એવું અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ, (૧૧) દિકરીને એક ગાયનું દાન આપીએ, (૧૨) ગોપાલકોને આદર અને સન્માન આપીએ, (૧૩) ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ, (૧૪) દરરોજ ગૌમાતાના દર્શન કરીએ, (૧૫) વર્ષમાં એક વખત ગૌશાળાની મુલાકાત લઈએ, (૧૬) ગૌ ઉત્સવો જોર–શોરથી ઉજવવાની શરૂઆત કરીએ, (૧૭) ગૌસેવા અર્થે પ્રકાશિત થતી–પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ. પ્રિન્ટ મીડીયા, સોશ્યલ મીડીયા, ઈલેકટ્રોનીક મીડીયામાં ગૌસેવાનો પ્રચાર–પ્રસાર કરીએ, (૧૮) ગૌરક્ષા, ગેપાલન અને ગૌ સંવર્ધન સહિતના ગૌસેવાના તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

**–મિતલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨૨૧૯૯૯)**


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


### વિવિધ પડતર માંગને લઈને

## લીલીયા મોટા ખાતે રેશનિંગ દુકાન ધારકોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

### ટેકનિકલ સહિતની સમસ્યા દુર કરવા માંગ

લીલીયા મોટા, તા. ૨૯

લીલીયા મોટા મામલતદાર કચેરી ખાતે સરકાર માન્ય વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા મામલતદાર કચેરી લીલીયા ખાતે મામલતદારને પતાવ્યું આવેદનપત્ર જેમાં રાજયકક્ષાના ફેરપ્રાઈઝશોપ એસોસિએશનના આદેશ અનુસાર આખા રાજયમાં મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવાના ભાગરૂપે મામલતદાર કચેરી લીલીયા ખાતે રેશનીંગના દુકાનદારો દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ જેમાં આવતા માસ નવેમ્બર ૨૦૨૫ના ચલણ જનરેટ નહીં કરવા અને ૧ નવેમ્બર ૨૦૨૫થી વિતરણથી સળગા રહેવા જણાવેલ છે જેમાં મુખ્ય મુદ્દાઓ સરકાર સામે ઘણા વર્ષોથી પડતર માંગણીઓનો ઉકેલ કરવો અને અન્યાયી પરિપત્રો રદ કરવા જેમાં મુખ્ય મુદ્દાઓ હાલની તકે મળી રહેલ ક્વિન્ટલ દીઠ ૧૫૦ રૂપિયા કમિશન મળે છે તેમાં વધારો કરી હાલની મોંઘવારી પ્રમાણે ૩૦૦ કરી આપવો મિનિમમ કમિશન માસિક ૩૦,૦૦૦ કરી આપવા તો જ હાલની તકે આ મોંઘવારીમાં દુકાનદારોના કુટુંબનું




ગુજરાત ચાલી શકે તેમ હોય અને મિનિમમ કમિશનમાં વિતરણ ટકાવારી ૯૭% થી ઘટાડીને ૯૦ ટકા આસપાસ કરી આપવી આ ઉપરાંત સર્વરના કાયમી ધાંધિયા અને ટેકનિકલ ખામીને કાયમી ઉકેલ આપવો આ ઉપરાંત ઈ પ્રોફાઈલમાં અન્ય સહાયક દ્વારા પણ આઈડી લોગીન થઈ શકે તેવી એન.આઈ.સી.માં વ્યવસ્થા કરવી અમુક દુકાનદારો ખૂબ બીમાર હોય અથવા તો વયો વૃદ્ધ થઈ ગયા હોય તો તેવા દુકાનદારોની હયાતીમા વારસાઈ કરવી દુકાનદારને છૂટક વિતરણ કરવામાં જથ્થામાં પડતી ઘટ મજરે આપવી અને ગુણવત્તા યુકત જથ્થો આપવો હાલના તાજેતરના પરિપત્ર અનુસાર ૮૦% તકેદારી સમિતિના સભ્યો હાજર રહે અને તેના બાયોમેટ્રિક પછી જ જથ્થો ઉતારવો જેવા અન્યાયી પરિપત્રો રદ કરવા ઉપરાંત નિયમિતપણે અને એક સાથે કમિશન આપવું જેવી અનેક પડતર માંગણીઓ સાથે હડતાલમાં જોડાઈને મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

# નવા વર્ષનાં પ્રારંભે ખેડૂતોનાં મોંએ આવેલ કોળિયો છીનવાઈ ગયો

# બાબરા પંથકમાં કપાસ, મગફળીનાં પાકને વ્યાપક નુકસાન

## ધારાસભ્ય જનકલ તળાવીયાએ ગ્રામ્ય વિસ્તારોમાં નુકસાની અંગે સર્વે કર્યુ

## ખાખરીયા, ગળકોટડી, શિરવાણીયા, અમરાપરા, ચરખા સહિતનાં અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી

## રાજ્ય સરકાર પાસેથી ખેડૂતોને પુરતાં પ્રમાણમાં આર્થિક સહાય અપાવવાની હૈયાધારણા આપી

## પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર સહિતનાં આગેવાનો સાથે જોડાયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા તાલુકામાં કમોસમી વરસાદનાં કારણે ખેડૂતોની મહેનતનું પાણી થયું છે. કારણ કે કપાસ અને મગફળીનાં પાકને મોટા પ્રમાણમાં નુકસાન થતાં ખેડૂતો સહાય માટે ગુહાર લગાવી રહ્યા છે. તાલુકામાંથી અનેક અગ્રણીઓ દ્વારા રાજય સરકારમાં ખેડૂતોને સહાય કરવા માટે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે. ગળકોટડી ગામના સરપંચ વાસુરભાઈ ચૌહાણ અને ખાખરીયા ગ્રામ પંચાયત સરપંચ વિપુલભાઈ કાચેલા દ્વારા પણ રાજયનાં મુખ્યમંત્રીને પોતાના ગામમાં કમોસમી વરસાદનાં કારણે થયેલ નુકસાન બાબતે ખેડૂતોને વળતર ચુકવવા રજૂઆત કરી છે.

લાઠી-બાબરાનાં ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા બાબરા શહેર સહિત તાલુકાનાં ખાખરીયા, શિરવાણીયા, ચરખા, પાનસડા, ગળકોટડી, અમરાપરા સહિત ગામમાં ખેતરમાં જઈ સ્થળ નિરીક્ષણ કરી પાકમાં નુકસાનનો તાગ મેળવ્યો હતો. ધારાસભ્ય દ્વારા જણાવ્યું હતું કે, તાલુકામાં કપાસ અને મગફળીમાં ખૂબ જ નુકસાન થયું છે જેમાં મગફળીમાં સૌથી વધુ નુકસાન જોવા મળ્યું છે. સમગ્ર રિપોર્ટ રાજય સરકારમાં રજૂ કરી ખેડૂતોને વહેલીતકે સહાય મળે તેવા પ્રયાસો કરવામાં આવશે.

બાબરા તાલુકાના ધારાસભ્યના પ્રવાસ દરમિયાન સરપંચ વિપુલભાઈ કાચેલા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, ભુપતભાઈ બસિયા, અશ્વિનભાઈ મકવાણા, અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ ખોખરીયા, હરેશભાઈ આખજા સહિત તાલુકાનાં અને શહેરના ભાજપના અગ્રણીઓ જોડાયા હતા.








































### ૧૧૦ કિલોમીટર સુધીના ઝડપે પવન ફૂંકાયોઃ દરિયામાં ઊંચાં મોજાં ઉછળ્યાં

# વાવાઝોડું 'મોન્થા' વિનાશક સ્વરૂપમાં આંધ્રના દરિયાકાંઠે ટકરાયુંઃ ભારે વરસાદ

**આ વાવાઝોડાએ આંધ્રપ્રદેશમાં જ ૩૮,૦૦૦ હેક્ટરના ઊભા પાક ઉપરાંત ૧.૩૮ લાખ હેક્ટરના હોર્ટિકલ્ચર પાકનો નાશ કર્યો**

અમરાવતી, તા.૨૯

વાવાઝોડા 'મોન્થા'એ મંગળવારે સાંજે વિનાશક રૂપ સાથે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ટકરાયું હતું. જેને પગલે કલાકદીઠ ૯૦થી ૧૧૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાયો હતો અને ભારે વરસાદ પડ્યો હતો. આ પ્રક્રિયા મોડીરાત્રિ સુધી ચાલુ રહી હતી. એ પછી વાવાઝોડું કાકિનાડાની ફરતે મચિલિપટનમ અને કનિંગપટનમ પર વિનાશ રેલાવી ગયું હતું. દરિયામાં અનેક ફુટ ઊંચા મોજા ઉછળ્યા હતા.આ વાવાઝોડાએ સવારથી તેની ગતિ પકડી હતી. જેને પગલે આંધપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. તેની અસર પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં દેખાશે. જોકે આ તમામ રાજ્યોમાં એલર્ટ જારી કરાયું છે. આંધ્ર, ઓડિશ, તમિલનાડુ, છત્તીસગઢ અને પુડુચેરીમાં એનડીઆરએફની ૨૫ ટીમો તૈનાત કરી દેવાઈ છે. આ રાજ્યોમાં તીવ્ર પવન સાથે વરસાદ પડ્યો હતો. આ રાજ્યોમાં પાકને વધુ અસર થઈ છે. આ વાવાઝોડાએ માત્ર આંધ્રપ્રદેશમાં જ ૩૮,૦૦૦ હેક્ટરના ઊભા પાક ઉપરાંત ૧.૩૮ લાખ હેક્ટરના હોર્ટિકલ્ચર પાકનો નાશ કરી દીધા છે. આંધ્રમાંથી આશરે એક લાખ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. સાત જિલ્લાઓમાં વાહનની અવર-જવર અટકાવી દેવાઈ છે. આ વાવાઝોડાની અસરમાં ઓડિશાના અનેક જિલ્લામાં ભારે વરસાદ પડ્યો છે. જેને કારણે ભેખડો ધસી પડવાની અને ઘરોને નુકસાન પહોંચવાની ઘટનાઓ બની છે. અનેક ઝાડ જળથી ઉખડી ગયા છે. ઓડિશાના સીએમ મોહન માંઝીએ કહ્યું હતું કે તેમની સરકાર કોઈ પણ પ્રકારના પડકારોનો સામનો કરવા સજ્જ છે. રાજ્યમાં ૨,૦૦૦થી વધુ ડિઝાસ્ટર રિલીફ કેમ્પ ખોલવામાં આવ્યા છે. આ રાજ્યોમાં જતી ૧૫૦થી વધુ ટ્રેનો રદ કરાઈ છે અને અન્ય ટ્રેનોના સમય અને રૂટમાં ફેરફાર કરાયા છે. ૫૦ જેટલી ફ્લાઈટ્સ રદ કરાઈ છે. વિશાખાપટ્ટનમ એરપોર્ટ બંધ કરી દેવાયું છે. કાકીનાડાથી શરૂ થયેલું આ વાવાઝોડું હવે દક્ષિણ બંગાળના ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, પૂર્વ અને પશ્ચિમી મેદિનીપુર, ઝારગ્રામ, પુરુલિયા, પૂર્વ અને પશ્ચિમ બર્ધમાન, બીરભૂમિ અને મુર્શિદાબાદ જિલ્લામાં પહોંચશે. હિમાલયના નજીકના જિલ્લા દાર્જિલિંગ, જલપાઈગુડી અને કૂચબિહારમાં પણ શુક્રવારે ભારે વરસાદ પડવાનો અંદાજ છે. જોકે હવામાન વિભાગે કહ્યું છે કે આ ભીષણ ચક્રવાતી તોફાન ગુરુવાર સુધી નિમ્ન દબાણમાં આવી જતાં નબળું પડવાની સંભાવના છે. આમ ગુરુવાર અને શુક્રવાર સુધી તેની અસર ઓછી થવા લાગશે. આ વાવાઝોડાથી કેટલું નુકસાન થયું છે કે ખુવારી થઈ છે તેનો કોઈ અંદાજ હાલમાં શક્ય નથી. આ વાવાઝોડાની અસર દેશમાં ત્રણ દિવસ રહેવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાવાઝોડા ત્રાટકવાની સંભાવના ધરાવતાં તમામ રાજ્યોને શક્ય તમામ મદદની ખાતરી આપી છે.

### મુઝફ્ફરપુરની ચૂંટણી રેલીમાં બોલ્યા રાહુલ ગાંધી

# નીતિશ માત્ર ચહેરો, સત્તાનું રિમોટ તો ભાજપના હાથમાં

**તમે સ્ટેજ પર આવીને નાચવાનું કહેશો તો નાચશે, તમે જે કરવા માંગો છો ચૂંટણી પહેલા કરાવી લો, પરંતુ ચૂંટણી પછી નરેન્દ્ર મોદી દેખાશે નહીં : રાહુલ ગાંધી**

મુઝફ્ફરપુર, તા.૨૯

બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને તમામ પક્ષો મતદારોને રિઝવવામાં લાગી ગયા છે, ત્યારે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે મુઝફ્ફરપુરમાં એક જંગી સભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'આજે બિહારના યુવાનો પાસે પોતાના જ રાજ્યમાં કોઈ ભવિષ્ય બચ્યું નથી. બિહારીઓનું ભવિષ્ય બિહારમાં નથી, આ જ સત્ય છે. નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે, પોતાને અત્યંત પછાત ગણાવે છે. તો પછી તમે કહો કે, તેમણે શિક્ષણ, આરોગ્ય અને રોજગાર માટે શું કર્યું?'

તેમણે જનતાને સવાલ કર્યો કે, 'શું લોકો એવા રાજ્યમાં રહેવા માંગે છે, જ્યાં શિક્ષણ, આરોગ્ય અને રોજગાર જેવી પાયાની સુવિધાઓ ન મળે? કોંગ્રેસ અને અમારા સાથી પક્ષો એવા બિહારની કલ્પના કરે છે, જ્યાં દરેક યુવાનને રોજગાર મળે અને દરેક પરિવારને બહેતર શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ મળે.'

મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'નીતિશ કુમાર માત્ર ચહેરો છે, પરંતુ સત્તાનું રિમોટ કંટ્રોલ ભાજપના હાથમાં છે. તમે એવું ન વિચારો કે, ત્યાં પછાત અને દલિતોનો અવાજ સાંભળવામાં આવે છે. ત્યાં ત્રણ-ચાર લોકો બધુ કંટ્રોલ કરે છે. ભાજપ પાસે રિમોટ છે અને તેમને સામાજિક ન્યાય સાથે કોઈ લેવાદેવા નથી.'

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ધાર્મિક અને સાંસ્કૃતિક મુદ્દાઓને લઈને પણ નિશાન સાધ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'અહીં યમુના નથી, પરંતુ તળાવ છે છતાં નરેન્દ્ર મોદી તેમાં નાહવા જતા રહ્યા. તેમને છઠ્ઠ પૂજા કે યમુનાથી કોઈ મતલબ નથી, તેમને માત્ર તમારો વોટ જોઈએ છે. જો તમે કહેશો તો તેઓ નાચશે પણ. તેઓ ચૂંટણી જીતવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે.'

રાહુલ ગાંધીએ તેમની રેલીમાં કહ્યું કે, આજની તારીખમાં વડાપ્રધાન મોદી મત માટે કંઈ પણ કરી શકે છે. રાહુલ ગાંધીએ મુઝફ્ફરપુર રેલીમાં કહ્યું કે, તેમને (પીએમ મોદી) ફક્ત તમારા મત જોઈએ છે. જો તમે કહો કે, નરેન્દ્ર મોદી તમે નાટક કરો, તો તે કરી દેશે. જો તમે કહો કે, અમે તમને મત આપીશું, તો તમારે સ્ટેજ પર આવીને નાચો, તો તે સ્ટેજ પર આવીને નાચશે. તમે જે કરવા માંગો છો, ચૂંટણી પહેલા કરાવી લો, પરંતુ ચૂંટણી પછી નરેન્દ્ર મોદી દેખાશે નહીં.

રાહુલ ગાંધીએ લોકોને INDIA મહાગઠબંધનના ઉમેદવારોને વિજયી બનાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, મહાગઠબંધન સરકાર બધા સમુદાયો અને ધર્મોની સરકાર હશે. અમારી પ્રાથમિકતા બિહારને આગળ લઈ જવાની છે. જાતિ વસ્તી ગણતરીની ચર્ચા કરતા તેમણે કહ્યું કે, લોકસભામાં અમે વડાપ્રધાનને જાતિ વસ્તી ગણતરી કરાવવા કહ્યું હતું, પરંતુ તેમણે એક પણ શબ્દ બોલ્યો નહીં.

રાહુલ ગાંધીએ પ્રશ્ન કર્યો કે, જો બિહારના લોકો બીજા રાજ્યોમાં જઈને તેને બનાવી શકે છે, તો તેઓ બિહારમાં આ જ કામ કેમ ન કરી શકે? રાહુલ ગાંધીએ કહ્યું કે, બિહારના યુવાનો કહે છે કે, અહીં રોજગાર નથી. નીતિશ કુમાર છેલ્લા ૨૦ વર્ષથી બિહારના મુખ્યમંત્રી છે. તેઓ પોતાને અત્યંત પછાત કહે છે, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને રોજગારના ક્ષેત્રોમાં તેમણે શું સુધારો કર્યો છે? શું તમે એવું બિહાર ઈચ્છો છો, જ્યાં તમને તમારા પોતાના રાજ્યમાં કંઈ ન મળે?

તેમણે કહ્યું કે, "દરેક મોબાઈલ ફોનની પાછળ જુઓ, તે બધામાં મેડ ઈન ચાઈના લખેલું હોય છે. અમે તેને બદલવા માંગીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી અને જીએસટીના ખોટા અમલીકરણ દ્વારા બિહારમાં નાના વ્યવસાયોને બરબાદ કરી દીધા છે. આજે, તમે તમારી આસપાસ જે પણ વસ્તુઓ જુઓ છો, તેની પાછળ મેડ ઈન ચાઈના લખેલું હોય છે."

રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, "અમે ઈચ્છીએ છીએ કે, આ બંધ થાય. હવે, દરેક વસ્તુ મોબાઈલ ફોન, પેન્ટ અને શર્ટ પર મેડ ઈન બિહાર લેબલ લગાવવું જોઈએ. બિહારમાં યુવાનોને રોજગાર મળવો જોઈએ, અને દરેક વસ્તુ સ્થાનિક ફેક્ટરીઓમાં બનાવવી જોઈએ. અમે એવું બિહાર બનાવવા માંગીએ છીએ. હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે, બિહાર બદલી શકાય છે. અમે બિહાર બદલીશું." તેમણે દિલ્હીમાં છઠ દરમિયાન યમુના નદી પાસે તળાવના નિર્માણની પણ ચર્ચા કરતા કહ્યું કે, "તેમને છઠની પરવા નથી, તેઓ ફક્ત મતોની પરવા કરે છે."

બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠક માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી ૬ નવેમ્બરના રોજ અને બીજા તબક્કાની ચૂંટણી ૧૧ નવેમ્બરના રોજ યોજાશે. બંને તબક્કા પૂર્ણ થયા બાદ ૧૪ નવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચના આંકડા અનુસાર, બિહારમાં કુલ ૭.૪૩ કરોડ મતદારો છે, જેમાં આશરે ૩.૯૨ કરોડ પુરુષ, ૩.૫૦ કરોડ મહિલા અને ૧૭૨૫ ટ્રાન્સજેન્ડર સામેલ છે. ૭.૨ લાખ દિવ્યાંગ અને ૪.૦૪ લાખ ૮૫ વર્ષથી વધુ વયજૂથના મતદારો સામેલ છે. તદુપરાંત ૧૪ હજાર મતદાર ૧૦૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવે છે. આ વર્ષે ૧૪.૦૧ લાખ યુવાનો પ્રથમ વખત મત આપશે. આ તમામ આંકડા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીના છે. અગાઉ ૨૦૨૦માં બિહાર વિધાનસભા ચૂંટણી ત્રણ તબક્કામાં થઈ હતી. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૦ના રોજ પ્રથમ તબક્કો, ૩ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બીજો અને ૭ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ત્રીજા તબક્કામાં ચૂંટણી પૂર્ણ થઈ હતી. જેની મત ગણતરી ૧૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ થઈ હતી. તે સમયે ત્રણ તબક્કામાં ચૂંટણી કરાવવા પાછળનું ગણિત રાજ્યના અમુક હિસ્સામાં નક્સલી અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ હતી.

### દરરોજ સરેરાશ ૩૫ ઈમરજન્સી કેસથી ચિંતા

# ગુજરાતમાં લકવાના ૧૦માંથી ચાર દર્દીની ઉંમર ૫૦ વર્ષથી ઓછી

**ઈમરજન્સી સેવા '૧૦૮'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ ૯૯૬૮ કેસ અમદાવાદમાં નોંધાયા હતા**

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા કેટલાક વર્ષથી હૃદયરોગની સાથે પેરાલિસિસ-સ્ટ્રોકના કેસમાં પણ ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં જ આ વર્ષે સ્ટ્રોકની ઈમરજન્સીના ૧૦,૦૯૮ કેસ નોંધાયેલા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૩૫ વ્યક્તિને પેરાલિસિસ-સ્ટ્રોકની સારવાર માટે ઈમરજન્સી સેવા '૧૦૮' ની મદદ લેવી પડે છે. સ્ટ્રોકના પ્રત્યેક ૧૦માંથી ૪ કેસ હવે ૫૦ વર્ષથી ઓછી વયની વ્યક્તિમાં નોંધાય છે. આજે 'વર્લ્ડ સ્ટ્રોક ડે' છે, ત્યારે સ્ટ્રોકના વધતા કેસે ચિંતાજનક સ્થિતિ સર્જી છે.ઈમરજન્સી સેવા '૧૦૮'પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રોકની ઈમરજન્સીના સૌથી વધુ ૯૯૬૮ કેસ અમદાવાદમાં નોંધાયા હતા. આ પછી સુરત ૩૭૧૭ સાથે બીજા અને વડોદરા ૨૪૪૧ સાથે ત્રીજા સ્થાને છે. આમ, અમદાવાદમાં દરરોજ સરેરાશ ૧૦ વ્યક્તિને સ્ટ્રોકની ઈમરજન્સીની સારવાર લેવી પડે છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ ઈન્ફોર્મેટિક્સ એન્ડ રિસર્ચના ડેટા મુજબ, ભારતમાં દર વર્ષે ૧.૬ મિલિયનથી વધુ નવા સ્ટ્રોકના કેસ નોંધાય છે.એક સમયે વૃદ્ધોને પ્રભાવિત કરતી બિમારી તરીકે ઓળખાતા સ્ટ્રોક હવે યુવા વસતીને પણ અસર કરે છે, જેનું મુખ્ય કારણ જીવનશૈલી સંબંધિત પરિબળો છે. બેઠાડુ જીવનશૈલી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ, હાઈપરટેન્શન અને સ્ટ્રેસ મુખ્ય કારણો છે. શારીરિક પ્રવૃત્તિઓનો અભાવ, ધુમ્રપાન અને આલ્કોહોલનું સેવન સ્ટ્રોકના જોખમમાં વધારો કરે છે. જાણકારોનું માનવું છે કે સ્ટ્રોક જીવનશૈલી સંબંધિત બિમારી તરીકે ઉભરી રહ્યું છે, તેમજ વહેલા હસ્તક્ષેપ માટે જોખમી પરિબળો અને લક્ષણો ક્ષણો વિશે જાગૃકતામાં વધારો આવશ્યક છે. ડૉક્ટરોના મતે, આધુનિક સ્ટ્રોક કેર તીવ્ર ઈસ્કેમિક સ્ટ્રોક માટે મુખ્યત્વે બે ટ્રીટમેન્ટ ઓફર કરે છે. આઈવી થ્રોમ્બોલિસિસ નસ દ્વારા અપાતી દવા છે, જે લોહીનું ગંઠાવાને ઓગાળે છે અને જો લક્ષણો બાદ તેને તાત્કાલિક આપવામાં આવે તો મગજને થતું નુકસાન ઘટાડી શકાય છે. તે પ્રથમ ૪૫ કલાકમાં પ્રભાવી હોય છે. મિકેનિકલ થ્રોમ્બેક્ટોમી એક ઓછી આક્રમક પ્રક્રિયા છે, જે બ્લોક થયેલી મગજની નસમાંથી ફિઝિકલ રીતે લોહીનું ગંઠાવાને દૂર કરે છે.

### ૪૦ ટકા ઉમેદવારો કરોડપતિ

# બિહાર ચૂંટણીમાં ૨૭ ટકા ઉમેદવારો પર મર્ડર-મહિલા વિરુદ્ધ ગુનાનો આરોપ

**ગંભીર કેસોમાં ૩૩ ઉમેદવારો હત્યા સાથે જોડાયેલા, ૮૬ હત્યાના પ્રયાસ અને ૪૨ મહિલા ઉત્પીડનના કેસ સાથે જોડાયેલા છે**

પટના, તા.૨૯

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પહેલાં તબક્કાના ઉમેદવારો પર એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને બિહાર ચૂંટણી વોચે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં અનેક ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. આ રિપોર્ટમાં ૧૩૧૪માંથી ૧૩૦૩ ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાંથી ૪૨૩ એટલે કે, કુલ ૩૨ ટકા ઉમેદવારોએ પોતાના ઉપર ગુનાઈત કેસોની જાહેરાત કરી છે. વળી, ૩૫૪ ઉમેદવારો એટલે કે, ૨૭% પર ગંભીર ગુનાઈત કેસ દાખલ છે. ગંભીર કેસોમાં ૩૩ ઉમેદવારો હત્યા સાથે જોડાયેલા, ૮૬ હત્યાના પ્રયાસ અને ૪૨ મહિલા ઉત્પીડનના કેસ સાથે જોડાયેલા છે. જોકે, ૨ ઉમેદવાર એવા છે, જે દુષ્કર્મ સહિતના કેસમાં જોડાયેલા છે. આ રિપોર્ટ જણાવે છે કે, ગુનાખોરી અને રાજકારણનો સંબંધ હજુ પણ ગાઢ છે.જન સુરાજ પાર્ટીના ૧૧૪માંથી ૫૦ (૪૪ ટકા) ઉમેદવારો પર ગુનાઈત કેસો છે. BSPના ૮૯માંથી ૧૮ (૨૦ ટકા), RJDના ૭૦માંથી ૫૩ (૭૬ ટકા), જેડીયુના ૫૭માંથી ૨૨ (૩૯ ટકા), ભાજપના ૪૮માંથી ૩૧ (૬૫ ટકા), આપના ૪૪માંથી ૧૨ (૨૭ ટકા) અને કોંગ્રેસના ૨૩માંથી ૧૫ (૬૫ ટકા) ઉમેદવાર સામે ગુનાઈત કેસો દાખલ છે. વામપંથી પાર્ટીઓની સ્થિતિ તો આનાથી પણ ખરાબ છે. સીપીઆઈ(એમએલ)ના ૧૩માંથી ૧૩ (૯૩ ટકા), સીપીઆઈ અને સીપીઆઈ(એમ)ના તમામ ઉમેદવારો (૧૦૦ ટકા) સામે ગુનાઈત કેસો દાખલ છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે ૧૩૦૩ ઉમેદવારોમાંથી ૫૧૯ ઉમેદવારો, એટલે કે ૪૦%, કરોડપતિ છે. તેમની સરેરાશ સંપત્તિ ૩.૨૬ કરોડ રૂપિયા છે. ૫૧૯ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત ૫થી ૧૨ ધોરણની વચ્ચે હોવાનું જાહેર કર્યું છે, જ્યારે ૬૫૧ ઉમેદવારો, એટલે કે ૫૦%એ ગ્રેજ્યુએટ કે તેથી વધુ હોવાનો દાવો કર્યો છે.રિપોર્ટમાં બિહારના રાજકારણમાં ગુના, પૈસા અને શિક્ષણનો વિચિત્ર આંતરસંબંધ જોવા મળ્યો છે. જ્યારે કરોડપતિ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, ત્યારે તેમાંથી મોટી સંખ્યામાં ગંભીર ગુનાઓનો પણ આરોપ છે. આ રિપોર્ટ ચૂંટણીમાં નૈતિકતા અને લોકશાહીના આદર્શો પર પ્રશ્નો ઊભા કરે છે.

### અત્યાર સુધી ૧૫૦૦ કરોડ રૂપિયાનો બાંધકામ ખર્ચ થયો

# રામ ભક્તોએ અત્યાર સુધીમાં ૩૦૦૦ કરોડથી વધુનું દાન આપ્યું

**રામ જન્મભૂમિ સંકુલમાં ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર ધ્વજારોહન સમારોહની તૈયારીઓ તેજ થઈ ગઈ છે**

અયોધ્યા, તા.૨૯

રામ ભક્તો માટે અયોધ્યાથી મોટા સમાચાર આવ્યા છે. તાજેતરમાં, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે જાહેરાત કરી છે કે, ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનું નિર્માણ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. મુખ્ય મંદિરની સાથે, ભગવાન શિવ, ભગવાન ગણેશ, ભગવાન હનુમાન, સૂર્યદેવ, દેવી ભગવતી અને દેવી અન્નપૂર્ણાના મંદિરો પણ તૈયાર થઈ ગયા છે.આ બધા મંદિરોમાં ધ્વજસ્તંભ અને કળશ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સાથે, રામ જન્મભૂમિ સંકુલમાં ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર ધ્વજારોહન સમારોહની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. મંદિર નિર્માણ પૂર્ણ થવાના પ્રસંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય ઉજવણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ દરમિયાન, રામ મંદિરના નિર્માણ અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રામ મંદિરના નિર્માણ માટે દાન અભિયાન દરમિયાન, ભારત અને વિદેશના લાખો રામ ભક્તોએ ઉદારતાથી રૂ.૩,૦૦૦ કરોડથી વધુનું યોગદાન આપ્યું છે.

મકાન નિર્માણ સમિતિના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં આશરે રૂ.૧,૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનો અર્થ એ છે કે, બાંધકામ કાર્ય પર આટલો ખર્ચ કરવામાં આવ્યો છે. મંદિર સંકુલમાં બાકી રહેલા ચાલુ કાર્ય સહિત કુલ ખર્ચ આશરે રૂ.૧,૮૦૦ કરોડ હોવાનો અંદાજ છે.

અધ્યક્ષે જણાવ્યું હતું કે, શરૂઆતમાં આટલું મોટું નાણાકીય યોગદાન અપેક્ષિત નહોતું, પરંતુ રામ ભક્તોની શ્રદ્ધાને કારણે તે શક્ય બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે, રામ ભક્તોએ જે ભક્તિભાવથી દાન આપ્યું છે, તે પોતાનામાં એક નોંધપાત્ર ઉદાહરણ છે. આ દરમિયાન, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ૨૫ નવેમ્બરના રોજ યોજાનાર એક ખાસ કાર્યક્રમમાં ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ મહેમાનોને આમંત્રણ આપ્યું છે. મહત્વનું છે કે, ૨૦૨૨ થી રામ મંદિર નિર્માણમાં દાન આપનારાઓને આમંત્રિત કરવાની યોજનાઓ બનાવવામાં આવી છે.

ભવન નિર્માણ સમિતિએ જણાવ્યું હતું કે, મંદિરના નિર્માણમાં સામેલ તમામ વ્યક્તિઓ, સંગઠનો અને કંપનીઓનું પણ સન્માન કરવામાં આવશે. ૨૫ નવેમ્બર પછી એક ખાસ સન્માન સમારોહ યોજાશે, જ્યાં રામ મંદિરના નિર્માણમાં યોગદાન આપનારા તમામ લોકોને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવશે.

### રાજસ્થાન HCએ આપી રાહત

# દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને ફરી મળ્યા જામીન

**૮૬ વર્ષીય આસારામને રાજસ્થાન હાઈકોર્ટે તબીબી કારણોસર ૬ મહિનાના વચગાળાના જામીન આપ્યા**

જોધપુર, તા.૨૯

સુરત અને જોધપુરમાં દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામને રાજસ્થાન હાઈકોર્ટે તબીબી કારણોસર ૬ મહિનાના વચગાળાના જામીન આપ્યા છે. આ વખતે, આસારામની સાથે ત્રણ પોલીસ કર્મચારીઓ રાખવાની શરત દૂર કરાઈ છે, જેથી હવે જામીન દરમિયાન આસારામ સાથે પોલીસ રહેશે નહીં. જણાવી દઈએ કે, આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા.વર્ષ ૨૦૧૩માં જોધપુરમાં એક સગીરે આસારામ પર જાતીય ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ, જોધપુર પોલીસે આસારામને તેમના છિંદવાડા આશ્રમમાંથી ધરપકડ કરી, તેમને જોધપુર લાવીને સેન્ટ્રલ જેલમાં મોકલી દીધા. ૨૫ એપ્રિલ, ૨૦૧૮ના રોજ, જોધપુરની એક કોર્ટે જાતીય ગેરવર્તણૂક બદલ આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ આસારામે સજા પર રોક લગાવવા માટે અરજી દાખલ કરી, પરંતુ રાહત નકારી કાઢવામાં આવી. આસારામે ૨૦૨૫માં તબીબી સારવાર માટે વચગાળાના જામીન માંગ્યા.સુપ્રીમ કોર્ટે ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત કેસમાં તબીબી સારવાર માટે આસારામને વચગાળાના જામીન આપ્યા હતા. આ પછી, રાજસ્થાન હાઈકોર્ટે પણ આસારામને વચગાળાના જામીન આપ્યા હતા, જે સમયાંતરે લંબાવવામાં આવતા હતા. જોકે, ૨૭ ઓગસ્ટના રોજ, રાજસ્થાન હાઈકોર્ટે આસારામના વચગાળાના જામીન લંબાવવાનો ઈનકાર કર્યો હતો અને તેમના શરણાગતિનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ આસારામે આત્મસમર્પણ કર્યું.જોધપુર કેસઃ જોધપુરના મનાઈ આશ્રમમાં એક સગીરા પર બળાત્કારના કેસમાં ૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ જોધપુર પોલીસે આસારામની તેમના ઈન્દોર આશ્રમમાંથી ધરપકડ કરી હતી. ૨૫ એપ્રિલ ૨૦૧૮ના રોજ જોધપુરની સ્પેશિયલ પોક્સો કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા અને આજીવન કેદની સજા ફટકારી. ૧૪ જાન્યુઆરીએ રાજસ્થાન હાઈકોર્ટે આ કેસમાં આસારામને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા હતા. ત્યારબાદ ફરી એકવાર કોર્ટે તેમને ૩ મહિના માટે વચગાળાના જામીન આપ્યા હતા.ગાંધીનગર કેસઃ ગુજરાતના ગાંધીનગર સ્થિત આશ્રમની એક મહિલાએ આસારામ વિરુદ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કોર્ટે આ કેસમાં આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી. ૭ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે આ કેસમાં આસારામને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન આપ્યા હતા. ૨૮ માર્ચે ગુજરાત હાઈકોર્ટે ફરીથી આસારામને ૩ મહિના માટે વચગાળાના જામીન આપ્યા હતા. આ સિવાય ૨૭ જૂને ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. ત્યારબાદ ૩ જુલાઈએ જામીન ૧ મહિનો સુધી વધાર્યા હતા. ત્યાર પછી ૭ ઓગસ્ટ, ૨૦૨૫એ ત્રીજીવાર જામીન લંબાવ્યા હતા. ત્યારબાદ ૨૧ ઓગસ્ટ સુધીના હંગામી જામીન વધારી આપ્યા હતા. જ્યારે આ પહેલાં રાજસ્થાન હાઈકોર્ટે ૨૯ ઓગસ્ટ સુધીના હંગામી જામીન ગ્રાહ્ય રાખ્યા હતા.

### ગુજરાતના રાજકારણમાં મહત્વપૂર્ણ ફેરફાર

# ડેપ્યૂટી CM હર્ષ સંઘવી અને વાઘાણીને મોટી જવાબદારી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજ્યના રાજકારણમાં એક મહત્વનો ફેરફાર થયો છે, જેમાં રાજ્યના બે અગ્રણી નેતાઓ હર્ષ સંઘવી અને જીતુ વાઘાણીને પ્રવક્તા મંત્રી તરીકેની નવી જવાબદારી સોંપવામાં આવી છે.નવી જાહેરાત મુજબ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજ્ય સરકારના મુખ્ય પ્રવક્તા તરીકેની જવાબદારી સંભાળશે. જ્યારે તેમની સાથે કૃષિ મંત્રી જીતુ વાઘાણી સહપ્રવક્તા તરીકે ફરજ બજાવશે. આ બંને નેતાઓ અગાઉ પણ પ્રવક્તા મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળી ચૂક્યા છે, જે દર્શાવે છે કે સરકારને તેમના અનુભવ પર વિશ્વાસ છે. અગાઉ આ જવાબદારી મંત્રીઓ ઋષિકેશ પટેલ અને કનુભાઈ દેસાઈ સંભાળી રહ્યા હતા. નવી ફરજ હેઠળ, હર્ષ સંઘવી અને જીતુ વાઘાણી હવેથી સરકારના મહત્વના નિર્ણયો, નીતિઓ અને વિવિધ યોજનાઓ અંગે નિયમિતપણે મીડિયાને માહિતી આપશે અને સરકારનો પક્ષ રજૂ કરશે. તેઓ સરકાર અને જનતા વચ્ચે સંચારનો સેતુ બનશે.આ ફેરફાર વચ્ચે, રાજ્ય સરકારના સૂત્રો તરફથી એક મહત્વની માહિતી મળી છે. તાજેતરમાં થયેલાં માવઠા (બિનમોસમી વરસાદ) ને કારણે ખેડૂતોને થયેલાં પાક નુકસાન અંગે રાજ્યના પાંચ મંત્રીઓએ જમીનસ્તર પર સર્વે કરીને એક વિગતવાર રિપોર્ટ તૈયાર કર્યો છે. સરકારના સૂત્રોએ જણાવ્યું છે કે આ સર્વે રિપોર્ટના આધારે ટૂંક સમયમાં જ પાક નુકસાની સહાયની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે, જેનાથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત મળી શકશે.

### હવે નહીં કરાય ક્લાઉડ સીડિંગ

# ૧.૨ કરોડ રૂપિયાનું આંધણ કર્યા છતાં દિલ્હીમાં કૃત્રિમ વરસાદના પ્રયાસ નિષ્ફળ

નવી દિલ્હી, તા.૨૯

નવી દિલ્હીમાં પ્રદુષણનું પ્રમાણ ઘટાડવા માટે ગઈકાલે મંગળવારે હાથ ધરાયેલો કૃત્રિમ વરસાદનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે. જેના પગલે આઈઆઈટી, કાનપુરે આજે બુધવારે કૃત્રિમ વરસાદનો પ્રયોગ સ્થગિત કર્યો હતો. કૃત્રિમ વરસાદ (ક્લાઉડ સીડિંગ) નિષ્ફળ રહ્યું હોવા પાછળનું કારણ યોગ્ય હવામાનનો અભાવ હોવાનું આઈઆઈટીએ જણાવ્યું છે. દિલ્હી સરકારે રાજ્યમાં પ્રદુષણ ઘટાડવા માટે આઈઆઈટી કાનપુર સાથે મળી ક્લાઉડ સીડિંગ (કૃત્રિમ વરસાદ) પ્રક્રિયા હાથ ધરી હતી. મંગળવારે બે ક્લાઉડ સીડિંગ થયા હતા. જેની પાછળ કુલ રૂ. ૧.૨૮ કરોડનો ખર્ચ થયો હતો. તેમ છતાં વરસાદ ન પડતાં આ ખર્ચ માથે પડ્યો છે. આઈઆઈટી કાનપુરે ક્લાઉડ સીડિંગનો પ્રયાસ નિષ્ફળ થયો હોવા પાછળનું કારણ જણાવ્યું હતું કે, વાદળોમાં ભેજનું પ્રમાણ પર્યાપ્ત ન થતાં તેમજ માફક હવામાનના અભાવના કારણે આ પ્રયાસ નિષ્ફળ રહ્યો છે. વાદળોમાં ભેજનું પ્રમાણ માત્ર ૧૫થી ૨૦ ટકા જ હતું. જેના લીધે ગઈકાલે વરસાદ થઈ શક્યો નહીં.

ઈન્સ્ટીટ્યુટના રિપોર્ટ અનુસાર, ક્લાઉડ સીડિંગના કારણે વાતાવરણમાં પ્રદુષણનું પ્રમાણ નોંધનીય રીતે ઘટે છે. જેમાં PM2.5 અને PM10 પ્રદુષકોમાં પણ ઘટાડો થાય છે. દિલ્હીમાં સ્થાપિત મોનિટરિંગ સ્ટેશનોએ હવામાનમાં રજકણો અને ભેજના સ્તરમાં થતા ફેરફારોને કેદ કર્યા છે. ક્લાઉડ સીડિંગના કારણે PM2.5 અને PM10 સાંદ્રતામાં ૬થી ૧૦ ટકાનો માપી શકાય તેવો ઘટાડો જોવા મળ્યો છે, જે દર્શાવે છે કે મર્યાદિત ભેજની સ્થિતિમાં પણ ક્લાઉડ સીડિંગ હવાની ગુણવત્તામાં સુધારો લાવવામાં ફાળો આપી શકે છે. દિલ્હીમાં ક્લાઉડ સીડિંગના નિષ્ફળ પ્રયાસ બાદ આજે બુધવારે સવારે મોટાભાગના સ્થળોમાં પ્રદુષણનું પ્રમાણ 'અત્યંત ખરાબ' અને 'ખરાબ' રહ્યું હતું. આજે બપોરે ૧૨.૦૦ વાગ્યે આનંદ વિહારનો AQI 316 સાથે અત્યંત ખરાબ કેટેગરીમાં નોંધાયો હતો. જ્યારે આઈટીઓ ૩૦૦થી વધુ નોંધાયો હતો. આરકે પુરણમાં AQI 305 અને વઝીરપુરમાં ૩૩૨ નોંધાવ્યો હતો, જેના કારણે આ બંને વિસ્તારોની હવા 'ખૂબ જ ખરાબ' કેટેગરીમાં આવી ગઈ હતી. નવી દિલ્હીમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) II ધોરણો પહેલાથી જ અમલમાં હોવા છતાં પ્રદુષણમાં નોંધનીય ઘટાડો નોંધાયો નથી. વધુમાં, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ નવી દિલ્હીની બહાર BS-VI ઉત્સર્જન ધોરણોનું પાલન ન કરતાં રજિસ્ટર્ડ કોમર્શિયલ ગુડ્સ વ્હિકલ્સના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

### મહારાષ્ટ્રના નાગપુરમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન, હાઈવે ચક્કાજામ

નાગપુર, તા.૨૯

મહારાષ્ટ્રના નાગપુરમાં આજે બીજા દિવસે ખેડૂતો ઉગ્ર આંદોલન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી સરકાર શરત વગર ખેડૂતોનું દેવું માફ નહીં કરે, ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે.ઉગ્ર વિરોધ કરી રહેલા આંદોલનકારી ખેડૂતોએ નાગપુર-હૈદરાબાદ નેશનલ હાઈવે ચક્કાજામ કરી દીધો છે, જેના કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. હાઈવે પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. બીજીતરફ પોલીસ તંત્ર આંદોલનની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.આંદોલનની આગેવાની કરી રહેલા પૂર્વ મંત્રી અને પ્રહાર પાર્ટીના નેતા બચ્ચુ કડુએ કહ્યું કે, 'અમે ખેડૂતોની વેદના અને વધતા દેવાના બોજના કારણે દેખાવો કરી રહ્યા છીએ. આંદોલનકારીઓ ઈચ્છે છે કે રાજ્ય સરકાર તાત્કાલિક પગલાં ભરે અને ખેડૂતોને રાહત આપે.આંદોલન વધુ ઉગ્ર ન બને તે માટે પોલીસ તંત્રએ સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દીધી છે. હાલ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે છે અને સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. આ ઉપરાંત હાઈવે પર જામ થયેલ ટ્રાફિક વૈકલ્પિક માર્ગ વાળવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં મહારાષ્ટ્રમાં કુલ ૨૮૫૧ ખેડૂતોએ જ્યારે ૨૦૨૪માં ૨૬૩૫ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. જ્યારે જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૫ દરમિયાન ૭૬૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી.વર્લ્ડ બેંકના રિપોર્ટ મુજબ, મહારાષ્ટ્રમાં કુલ બાકી કૃષિ દેવું આશરે ૨,૬૩,૨૦૩ કરોડ રૂપિયા નોંધાયું છે. અનેક ખેડૂતો દેવું કરીને ખેતરમાં પાક વાવતા હોય છે, જોકે કુદરતી આફતના કારણે અનેક વખત આ પાકને મોટાપ્રમાણમાં નુકસાન થાય છે, જેના કારણે તે ખેડૂત નિરાશ થાય છે, જેના કારણે તેઓ આત્મહત્યા કરવા મજબૂર બને છે.

### મુડીવાદના માહોલમાં માનવતાવાદી કાર્ય

# સાવરકુંડલાનાં વડાલ ગામના ભજનીક આવકના ૮૦ ટકા રકમ ગૌ સેવામાં ખર્ચ કરે છે

## ગૌશાળાનું નિર્માણ કરીને ૧૨ ગાયોની સેવા



અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાનું વડાલ ગામ એક નાનું પરંતુ હૃદયથી સમૃદ્ધ ગામ છે, જે ડુંગર અને જંગલ વિસ્તાર વચ્ચે વસેલું છે. આ ગામના ૪૫ વર્ષીય હસુમારાજ દુધરેજીયા આજે માનવતા અને ભક્તિનું અનોખું ઉદાહરણ છે. તેઓ પોતાના ભજન અને કથાથી થતી આવકનો મોટા ભાગે રખડતી ગાયો અને ગૌશાળા માટેની સેવામાં વાપરી રહ્યા છે.

હસુમારાજ દુધરેજીયાએ ૧૦મું ધોરણ પૂરૂ કર્યા પછી ભજન–કથાની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. બાળપણથી જ ભજન પ્રત્યે ઊંડો રસ ધરાવતા હસુભાઈ આજે પણ વિવિધ ધાર્મિક પ્રસંગો, સંત સમાગમો અને મેળાઓમાં ભજન અને કથા કરીને લોક હૃદય જીતી રહ્યા છે. તેમનો ભજન માત્ર ઉપજીવિકાનો માર્ગ નથી, તે સેવા અને સંસ્કારનું સાધન છે. વડાલ ગામના આજુબાજુ રખડતી ગાયોની સંખ્યા વધારે હતી. આ દશ્ય જોઈને હસુભાઈના મનમાં વિચાર આવ્યો કે આ ગાયોને પણ કોઈ આશ્રય અને પ્રેમ મળવો જોઈએ. આ વિચાર સાથે તેમણે પોતાના ગામમાં એક નાની ગૌશાળાની શરૂઆત કરી. શરૂઆત ૧ જ ગાયથી થઈ હતી, પરંતુ આજે તે સંખ્યા વધીને ૧૨ ગાય સુધી પહોંચી ગઈ છે, અને ગામના લોકો પણ આ સેવા સાથે જોડાયા છે.

ગૌશાળાનો દૈનિક ખર્ચ મહિને અંદાજે ૩૦ થી ૩૫ હજાર રૂપિયા થાય છે. હસુભાઈના જણાવ્યા અનુસાર, તેઓના ભજન અને કથાઓમાંથી દર મહિને અંદાજે ૩૦ હજાર રૂપિયા જેટલી આવક થાય છે, જેમાંથી ૮૦ ટકા રકમ ગાયોની સેવા માટે જ વાપરવામાં આવે છે. બાકીની જરૂરિયાતો માટે ગામના દાતાઓ તરફથી ઘાસચારો અને અન્ય સહાય પૂરી પાડવામાં આવે છે.

હસુભાઈ જણાવે છે કે, ગાય માનવ માટે આશીર્વાદ જેવી છે. રખડતી ગાયોને આશ્રય આપવો માત્ર ધાર્મિક કર્તવ્ય નહીં, પરંતુ માનવીય ફરજ છે. તેમની આ ભાવનાને જોઈને વડાલ ગામના લોકો પણ પ્રેરાઈ રહ્યા છે. ઘણા યુવકો અને પરિવારો ગૌશાળામાં સમય આપી રહ્યા છે, જયારે કેટલાક પોતાના ધનથી યોગદાન આપી રહ્યા છે.

વડાલ ગામની ગૌશાળા આજે ગાયોની સેવા માટે જ નહીં, પણ સદ્ભાવના અને માનવતાનું પ્રતીક બની છે. હસુમારાજ દુધરેજીયાની આ સેવા વડાલ ગામમાં જ નહીં, પરંતુ સમગ્ર સાવરકુંડલા તાલુકામાં પ્રશંસાને પાત્ર બની છે. ગામના લોકોનું માનવું છે કે હસુભાઈની આ સેવા ભાવનાથી ઘણા યુવાનોમાં જાગૃતિ આવી છે. ભજનમાંથી મળેલી આવક અને પ્રતિભા જો સકારાત્મક કાર્યમાં વપરાય, તો સમાજમાં પરિવર્તન શક્ય.

### ધો. ૬ થી ૮નાં વિષયોનાં ભાવિ શિક્ષકો માટે

# અમરેલીની ગર્લ્સ હાઈસ્કુલ ખાતે સ્કુલ પસંદગી કેમ્પ યોજાયો

## ૨૦૦ જેટલા ભાવિ શિક્ષકો જોડાયા



અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે નાગનાથ બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ ટી.પી. અને શ્રીમતી એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે આજે પ્રાથમિક સ્કૂલના ધોરણ ૬ થી ૮ માટેના સામાજિક વિજ્ઞાન તથા ભાષાના ભાવી શિક્ષકો માટે સ્કૂલ પસંદગી કેમ્પ રાખવામાં આવેલ હતો. જેમાં ૨૦૦ જેટલાં ભાવી શિક્ષકો હાજર રહયા હતા. અને પોતાની પસંદગીની સ્કુલમાં ફરજ બજાવવા માટે થઈ સ્કૂલ પસંદ કરી હતી. તે માટે થઈ સ્થાનિક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવતા ઉમેદવારોને રાહત મળી હતી.

સ્કૂલ પસંદગી કરવા આવેલ ભાવી શિક્ષકો તથા તેમનાં વાલીઓ સ્કૂલ પસંદગી કેમ્પ સ્થળે જાણે મેળાવડો જામ્યો હોય તેમ ટી.પી. અને શ્રીમતી એમ.ટી. ગાંધી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે કાર તથા માણસોની લાંબી કાતર જોવા મળી હતી.

### ભારતના ચૂંટણી પંચ દ્વારા ''મતદારયાદી ખાસ સઘન સુધારણા'' કાર્યક્રમ જાહેર

# અમરેલી જિલ્લામાં તા. ૪ નવેમ્બર ૨૦૨૫થી મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ઝુંબેશ સ્વરૂપે યોજાશે

## આખરી પ્રસિધ્ધી ૭ ફેબ્રુ. એ કરવામાં આવશે

અમરેલી, તા. ૨૯

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૧/૧/૨૦૨૬ની લાયકાતના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ– ૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લામાં તા. ૨૮/૧૦/૨૦૨૫ (મંગળવાર)થી ૩/૧૧/૨૦૨૫ (સોમવાર) સુધી તૈયારી, છાપકામ અને તાલીમ કાર્યક્રમ યોજાશે.

જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા. ૪/૧૧/૨૦૨૫ (મંગળવાર) થી તા. ૪/૧૨/૨૦૨૫ (ગુરૂવાર) દરમિયાન ગણતરી કરવામાં આવશે. તા. ૪/૧૨/૨૦૨૫ (ગુરૂવાર) સુધીમાં મતદાન મથકોનું રેશનલાઈઝેશન–રીએરેન્જમેન્ટ કરવામાં આવશે. તા. ૫/૧૨/૨૦૨૫ (શુક્રવાર) થી તા. ૮/૧૨/૨૦૨૫ (સોમવાર) સુધી કંટ્રોલ ટેબલનું અપડેશન અને મુસદ્દા મતદારયાદી તૈયારી કરવામાં આવશે. મુસદ્દા મતદારયાદીની પ્રસિધ્ધ તા. ૯/૧૨/૨૦૨૫ (મંગળવાર) ના રોજ થશે.

આ મતદારયાદી અંગે હક્ક– દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો તા. ૯/૧૨/૨૦૨૫ (મંગળવાર) થી તા. ૮/૧/૨૦૨૬ (ગુરૂવાર) સુધી રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત નોટિસ ઈશ્યુ કરવાનો, સુનાવણી અને ગણતરી ફોર્મ પર નિર્ણય અને ERO દ્વારા સમકાલીન રીતે હક્ક– દાવા– વાંધા અરજીના નિકાલ કરવાનો સમયગાળો તા. ૯/૧૨/૨૦૨૫ (મંગળવાર)થી તા. ૩૧/૧/૨૦૨૬ (શનિવાર) સુધીનો રહેશે.

મતદારયાદીના હેલ્થ પેરામીટર્સની ચકાસણી અને આખરી પ્રસિધ્ધ માટે ચૂંટણીપંચની પરવાનગી મેળવવાની તારીખ તા. ૩/૨/૨૦૨૬ (મંગળવાર) સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. મતદારયાદીની આખરી પ્રસિધ્ધ તા. ૭/૨/૨૦૨૬ શનિવારના રોજ કરવામાં આવશે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### શુભમન ગિલને છોડ્યો પાછળ

# રોહિત શર્મા કરિયરમાં પહેલીવાર બન્યો નંબર વન ODI બેટ્સમેન

## કારકિર્દીના અંતિમ તબક્કામાં છે, ત્યારે તેણે મોટી સિદ્ધિ હાંસલ કરી છે

દુબઈ, તા.૨૯

૩૮ વર્ષની ઉંમરે હિટમેન રોહિત શર્માએ તે સિદ્ધિ હાંસલ કરી છે જેની તે પોતાની કારકિર્દી દરમિયાન રાહ જોઈ રહ્યો કરતો હતો. પોતાની કારકિર્દીના અંતિમ તબક્કામાં રોહિત શર્મા ICC ODI રન્કિંગમાં ODI ક્રિકેટમાં નંબર વન બેટ્સમેન બની ગયો છે. તેણે તેના સાથી ઓપનર અને કેપ્ટન શુભમન ગિલને પાછળ છોડી દીધો છે જે હવે ત્રીજા સ્થાને સરકી ગયો છે, જ્યારે રોહિત ત્રીજા સ્થાનેથી આગળ વધીને પ્રથમ સ્થાને પહોંચી ગયો છે.

ઓસ્ટ્રેલિયા શ્રેણી પછી ICC ODI રેન્કિંગમાં રોહિત શર્માના રેટિંગ પોઈન્ટ વધીને ૭૮૧ થઈ ગયા છે, જ્યારે અફઘાનિસ્તાનના ઈબ્રાહિમ ઝદરાનના ૭૬૪ રેટિંગ પોઈન્ટ છે, તે બીજા સ્થાને છે. શુભમન ગિલ માટે ઓસ્ટ્રેલિયા શ્રેણી સારી નહોતી અને પરિણામે તેને ICC રેક્િંગમાં ઘટાડો થયો છે. ગિલના હવે ૭૪૫ રેટિંગ પોઈન્ટ છે. પાકિસ્તાનનો બાબર આઝમ ૭૩૯ રેટિંગ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે. વિરાટ કોહલી ટોપ ૫માંથી બહાર નીકળી ગયો છે, હવે છઠ્ઠા સ્થાને છે. તેના રેટિંગ પોઈન્ટ ૭૨૫ છે. ડેરિલ મિશેલ ૭૩૪ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને પહોંચી ગયો છે.

તમને જાણીને નવાઈ લાગશે કે રોહિત શર્મા ૭૮૧ રેટિંગ પોઈન્ટ સાથે ICC ODI રેક્િંગમાં નંબર વન સ્થાન ધરાવે છે, પરંતુ એક સમયે ICC ODI રેન્કિંગમાં તેના રેટિંગ પોઈન્ટ પણ ૮૮૨ હતા. તે સમયે ICC ODI રેક્િંગમાં વિરાટ કોહલીનું પ્રભુત્વ હતું અને તેના પોઈન્ટ ૯૦૦ની નજીક હતા. તેથી એમ કહી શકાય કે રોહિત શર્મા તેની કારકિર્દી દરમિયાન ODI રેક્િંગમાં નંબર વન બેટ્સમેન બનવા માટે ઝંખતો હતો. ૨૦૧૯ના ODI વર્લ્ડ કપમાં તેણે પાંચ સદી ફટકારી હતી અને તે દરમિયાન તેના ODI રેટિંગ પોઈન્ટ ૮૮૨ હતા.

રોહિત શર્માની કારકિર્દી પૂરી થઈ રહી છે. T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી એવું કહેવામાં આવતું હતું કે તેણે ODI ક્રિકેટમાંથી પણ નિવૃત્તિ લેવી જોઈએ. જો કે, રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની ODI શ્રેણીમાં અડધી સદી અને એક સદી ફટકારીને પોતાની ક્ષમતા દર્શાવી હતી. તે શ્રેણીમાં રોહિતને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો.

### જલારામ બાપાની ૨૨૬ મી જન્મજયંતી

# વીરપુર સહિત રાજ્યભરમાં ભવ્ય ઉજવણી, ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

## વહેલી સવારે પૂજા-આરતી ઉતારીને ભક્તો માટે દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા



રાજકોટ,તા.૨૯

રાજકોટમાં આવેલુ પ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર સહિત ગુજરાતભરમાં જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી. વીરપુર ખાતે દેશ-વિદેશથી જલારામ બાપાના દર્શનાર્થે ભક્તો ઉમટ્યા હતા, ત્યારે મંદિરે શ્રદ્ધાળુઓની લાંબી કતાર જોવા મળી હતી.

જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિને નિમિત્તે ગુજરાત સહિતના અનેક શ્રદ્ધાળુઓ બાપાના ચરણોમાં શીશ ઝૂકાવીને ધન્યતા અનુભવી. વહેલી સવારે પૂજા-આરતી ઉતારીને ભક્તો માટે દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. વીરપુર મંદિર ખાતે મોટી સંખ્યામાં ભાવિકોની ભીડ જોવા મળી હતી. મંદિર જલારામ બાપાના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. ભાવિકોએ ખીચડીના પ્રસાદનો લાભ લીધો હતો. શ્રદ્ધાળુઓએ કહ્યું કે, 'બાપાના જન્મદિવસ પર ખાસ દર્શાનાર્થે આવ્યા છીએ. અહીં દર્શન શાંતિથી કરવા મળે છે અને જલારામ બાપાના દર્શન થયા એનો અનેરો આનંદર છે.'

### ૬ દિવસમાં ૧૦.૭૩ કરોડ કમાઈને તોડ્યા રેકોર્ડ

# કાંતારાની ધમાલ વચ્ચે 'ચણિયા ટોળી'નો ડંકો!

## ફિલ્મ 'ચણિયા ટોળી'ની રિલીઝ દિવાળીની રજાઓના સમયગાળામાં થતાં તેને જબરજસ્ત ફાયદો મળ્યો

અમદાવાદ, તા.૨૯

દિવાળીના સમય પર વેકેશનનો લાભ જો કોઈએ ખાટ્યો હોય તો કાંતારાએ, પણ તેની સાથે ગુજરાતી સીનેમાની અંદર ગુજરાતી ફિલ્મ 'ચણિયા ટોળી'એ દિવાળી વેકેશન દરમિયાન બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કર્યું છે અને છ દિવસમાં સૌથી વધુ □ ૧૦.૭૩ કરોડની કમાણી કરી છે.આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જશોક ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત ગુજરાતી ફિલ્મ 'ચણિયા ટોળી'એ દિવાળી વેકેશન દરમિયાન બોક્સ ઓફિસ પર ધમાકેદાર પ્રદર્શન કર્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન ૧૨૦૦ થી વધુ સ્ક્રીન પર રિલીઝ થયેલી આ ફિલ્મે માત્ર છ દિવસમાં ૧૦.૭૩ કરોડનું ઐતિહાસિક કલેક્શન કરીને ઈન્ડસ્ટ્રીના અગાઉના રેકોર્ડ તોડી નાખ્યા છે.ફિલ્મ 'ચણિયા ટોળી'ની રિલીઝ દિવાળીની રજાઓના સમય ગાળામાં થતાં તેને જબરજસ્ત ફાયદો મળ્યો છે.

પ્રેક્ષકોએ આ ફિલ્મને પરિવાર સાથે માણી અને દરરોજ કમાણીનો નવો રેકોર્ડ બનાવ્યો છે. છ દિવસ દરમિયાન ફિલ્મે સતત ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું, જેમાં દિવસ ૬માં સૌથી વધુ ૧૦.૭૩ કરોડની કમાણી નોંધાઈ, ભારતમાં જ નહીં, પણ વિદેશમાં પણ ફિલ્મે અદ્ભૂત પ્રદર્શન કર્યું છે.વર્ષ ૨૦૨૫માં રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મોની વાત કરીએ તો ૨૦૨૫ની સૌથી વધુ કમાણી કરનારી ગુજરાતી ફિલ્મ ઉંબરો બની હતી, જેણે ૧૭.૩૩ કરોડ ગ્રોસ કલેકશન કર્યું હતું. સોશિયલ કોમેડી ફિલ્મ હોવા છતાં ૧૦૦ દિવસથી વધુ સમય સુધી થિયેટરોમાં ચાલી હતી. તે ઉપરાંત વશ ફિલ્મે તેના પ્રારંભિક સપ્તાહમાં જ ૮.૧ કરોડની નેટ કમાણી કરી હતી અને ફિલ્મનો ખર્ચ લગભગ વસૂલ કર્યો હતો. ત્યારે હવે જોવું રહ્યું કે વર્ષના અંત સુધીમાં કઈ ફિલ્મ કમાણીમાં સૌથી આગળ વધે છે.

### વૈશ્વિક વ્યવસાયને ભારત સુધી લાવવા કાર્યરત

# પીએચડી ચેમ્બર ઓફ કોમર્સની કો-ઓપરેટીવ સમિતિનાં અધ્યક્ષ પદે દિલીપ સંઘાણીએ કાર્યભાર સંભાળ્યો

## વર્ષોનાં અનુભવ અને કુશળ નેતૃત્વ નવી દિશા આપશે




અમરેલી, તા. ૨૯

દેશની વિકાસ યાત્રામાં સહકાર વિવિધ ક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી દેશના પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીના ''સહકાર થી સમૃધ્ધિ''ના સંકલ્પને ચરિતાર્થ કરવા કમર કસી છે તેવા સમયે અનેક સહકારી સંસ્થાઓને નેતૃત્વ અને માર્ગદર્શન પુરૂ પાડતા ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી અને ઈફકો,ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીની પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે દિલીપ સંઘાણીની નિમણૂંક થતા કાર્યભાર સંભાળેલ છે.

પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ છેલ્લા ૧૨૦ વર્ષથી ભારતીય ઉદ્યોગ, વેપાર અને ઉદ્યોગ સાહસના પ્રોત્સાહનમાં એક પ્રેરક શકિત તરસીકે કાર્યરત રહી છે. આ સંસ્થા આગવા વિચારો ધરાવતી, સક્રિય અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ રાષ્ટ્રિય સ્તરની અગ્રણી સંસ્થા તરીકે જાણીતી છે.

ઉદ્યોગ અને સરકાર વચ્ચેના સહયોગી ભાગીદાર તરીકે પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ દેશના વિવિધ વિસ્તારોમા મૂળસ્તરે કાર્ય કરી ભારતના અર્થતંત્રના સમન્વિત વિકાસ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. ભારતીય ઉદ્યોગ અને વેપાર માટે જાણીતી સંસ્થા રોજ ૧,૫૦,૦૦૦ થી વધુ મોટા, નાના અને મધ્યમ ઉદ્યોગ સાથે જોડાઈને તેમની સમસ્યાઓના ઉકેલ અને વિકાસ માટે કાર્યરત છે.

આંતરરાષ્ટ્રિય સ્તરે પણ પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ ભારત અને વિદેશની એમ્બેસી તથા હાઈકમિશનર સાથે મળીને વૈશ્વિક શ્રેષ્ઠ વ્યવસાઈક પરંપરાઓ અને તકોને ભારત સુધી લાવવા સતત કાર્યકરે છે.સહકારી ક્ષેત્રે કુશળ નેતૃત્વ પ્રદાન કરતા દિલીપ સંઘાણીની કાર્યશૈલીનો લાભ આ સંસ્થાને નવી દિશા આપશે તે ચોકકસ છે. સંઘાણીના નૂતન કાર્યભારને લોકોએ શુભકામના અને અભિનંદન સાથે આવકારી હોવાનું અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.

### ૭ દિવસમાં કરાશે સર્વે પૂર્ણ

# માવઠાથી થયેલા નુકસાનની સહાય ચૂકવવા સૈદ્ધાંતિક નિર્ણય

## પાક નુકશાની સર્વેનો રિપોર્ટ આવ્યા બાદ નુકશાની સહાય જાહેર થશે : કેબિનેટ બેઠકમાં સહાય અંગે થઈ ચર્ચા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસેલા કમોસમી વરસાદને કારણે ખેતરોમાં પાકને થયેલા ભારે નુકસાનની સ્થિતિનો તાત્કાલિક તાગ મેળવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાબડતોબ કાર્યવાહી કરી છે. સ્થિતિની સમીક્ષા અને પાક નુકસાનીનો સર્વે કરી ખેડૂતોને સહાય ચૂકવવાની સરકારે હૈયાધારણા આપી છે.

આજે બુધવારે (૨૯ ઓક્ટોબર) મળેલી કેબિનેટની બેઠકમાં આ અંગેના સર્વેને આખરે મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર હવે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં થયેલા નુકસાનનો સર્વે કરાવશે. આ સર્વેની કામગીરી માટે ગ્રામસેવકોને આદેશ આપવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ બેઠક બાદ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સર્વેની કામગીરી એક અઠવાડિયામાં (૭ દિવસમાં) પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ રિપોર્ટ રજૂ કરવા આદેશ કરાયો છે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને આદેશ આપીને ૫ જિલ્લાઓને અતિ ભારે વરસાદવાળા વિસ્તાર તરીકે નક્કી કર્યા છે. મંત્રીએ મુખ્યમંત્રીને માહિતીગાર કર્યા હતા. સરકારે ધારાસભ્યો, સંસદ સભ્યો અને લોકો સાથે ચર્ચા કરીને અસરગ્રસ્ત ખેડૂતો અને ખેતરોની માહિતી મેળવી છે. મંત્રી વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ ખેડૂત સહાય વગર રહેશે નહીં, એવો રાજ્ય સરકાર નિર્ણય કરશે.

કમોસમી વરસાદનો ગાળોઃ ૨૩ ઓક્ટોબર થી ૨૮ ઓક્ટોબર સુધી.

અસરગ્રસ્ત વિસ્તારઃ ૩૩ જિલ્લાના ૨૩૯ તાલુકામાં વરસાદ પડ્યો.

સર્વેની મુદતઃ જિલ્લા વહીવટી તંત્રને ૭ દિવસમાં સર્વે પૂર્ણ કરવા આદેશ.

સર્વેનો પ્રકારઃ રાજ્ય સરકાર ટેક્નિકલ સર્વે ઉપરાંત ફિઝિકલ સર્વે પણ કરશે, જેથી કોઈ અસરગ્રસ્ત ખેડૂત બાકી ન રહી જાય.

નુકસાનનો અંદાજઃ ૧૦ લાખથી વધુ હેક્ટર વિસ્તારમાં પાકો અસરગ્રસ્ત થયા છે, જેમાં મુખ્યત્વે શેરડી, મગફળી, કપાસ જેવા પાકોનો સમાવેશ થાય છે.

### વરિષ્ઠ નેતા અશોક ગેહલોતના પ્રહાર

# એક સમયે PM પદના દાવેદાર નીતિશ હવે CM બનશે કે નહીં, તે પણ નક્કી નથી

પટના, તા.૨૯

બિહાર વિધાનસભા ચૂંટણી માટે એક પછી એક જનસભાઓ યોજાઈ રહી છે. આ દરમિયાન કોંગ્રેસના બિહાર વિધાનસભા ચૂંટણી પ્રભારી અને વરિષ્ઠ નેતા અશોક ગેહલોતે મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરો કટાક્ષ કર્યો છે.


ગેહલોતે આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'એક સમય હતો જ્યારે નીતિશ કુમાર વડાપ્રધાન પદના દાવેદાર હતા, અને હવે ભાજપ તેમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે જાહેર કરવા પણ તૈયાર નથી. આજે નીતિશ એવી પરિસ્થિતિમાં ફસાયા છે કે, જો સરકાર બનશે તો પણ તેઓ મુખ્યમંત્રી બનશે કે નહીં, તે પણ નક્કી નથી. નીતિશે વારંવાર વિવિધ પક્ષો સાથે ગઠબંધન કરીને પોતાની રાજકીય છબીને નુકસાન પહોંચાડ્યું છે.' રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી ગેહલોતે દાવો કર્યો છે કે, 'બિહારમાં મહાગઠબંધન જ જીતશે. રાજ્યમાં પરિવર્તન માત્ર મહાગઠબંધન માટે જ નહીં, પણ સમગ્ર દેશ માટે જરૂરી છે. આ માત્ર બિહારની ચૂંટણી નથી, પરંતુ સમગ્ર દેશને એક મજબૂત સંદેશ આપનારી ચૂંટણી છે. મહાગઠબંધન એકજૂટ છે અને રાહુલ ગાંધીની યાત્રા પછી બિહારનું રાજકીય વાતાવરણ સંપૂર્ણ બદલાઈ ગયું છે.'

બિહારમાં કુલ ૨૪૩ વિધાનસભા બેઠક માટે બે તબક્કામાં ચૂંટણી યોજાશે. જેમાં પ્રથમ તબક્કાની ચૂંટણી ૬ નવેમ્બરના રોજ અને બીજા તબક્કાની ચૂંટણી ૧૧ નવેમ્બરના રોજ યોજાશે. બંને તબક્કા પૂર્ણ થયા બાદ ૧૪ નવેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. ચૂંટણી પંચના આંકડા અનુસાર, બિહારમાં કુલ ૭.૪૩ કરોડ મતદારો છે, જેમાં આશરે ૩.૯૨ કરોડ પુરૂષ, ૩.૫૦ કરોડ મહિલા અને ૧૭૨૫ ટ્રાન્સજેન્ડર સામેલ છે. ૭.૨ લાખ દિવ્યાંગ અને ૪.૦૪ લાખ ૮૫ વર્ષથી વધુ વયજૂથના મતદારો સામેલ છે. તદુપરાંત ૧૪ હજાર મતદાર ૧૦૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવે છે. આ વર્ષે ૧૪.૦૧ લાખ યુવાનો પ્રથમ વખત મત આપશે. આ તમામ આંકડા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીના છે. અગાઉ ૨૦૨૦માં બિહાર વિધાનસભા ચૂંટણી ત્રણ તબક્કામાં થઈ હતી. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ પ્રથમ તબક્કો, ૩ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બીજો અને ૭ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ત્રીજા તબક્કામાં ચૂંટણી પૂર્ણ થઈ હતી. જેની મત ગણતરી ૧૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ થઈ હતી. તે સમયે ત્રણ તબક્કામાં ચૂંટણી કરાવવા પાછળનું ગણિત રાજ્યના અમુક હિસ્સામાં નકસલી અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ હતી.

# સાવરકુંડલાના જાબાળ, ઘનશ્યામનગર ગામના ખેડૂતોના મગફળી, કપાસ સહિતના પાકોનું નિરીક્ષણ કરતાં ઉર્જા મંત્રી વેકરિયા







રાજયના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આજરોજ ભારે વરસાદથી અસરગ્રસ્ત સાવરકુંડલા તાલુકાના જાબાળ, ઘનશ્યામનગર સહિતના ગામોની મુલાકાત લઈ કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો હતો. રાજયમંત્રીએ ખેડૂતોના ખેતરોમાં જઈને મગફળી–કપાસ સહિતના પાકોમાં કમોસમી વરસાદથી નુકસાનીનું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે ખેડૂતોબંધુઓ સાથે સંવાદ સાધીને પાક નુકસાનીની વિગતો પણ મેળવી હતી. રાજયમંત્રીએ કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદથી ખેડૂતોના મગફળી, કપાસ સહિતના પાકોને વ્યાપક નુકસાન થયું છે. આ માટે તાત્કાલિક પાક નુકસાનીના સર્વે માટે આદેશ આપી દેવામાં આવ્યા છે. ત્યારે રાજય સરકાર ખેડૂતોની પડખે રહી પૂરતી મદદ કરશે તેવો વિાસ વ્યકત કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરાનાં ચમારડી ગામે આવતીકાલે

વિસ્તારમાંથી રાજકીય નેતાઓ અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ત્યારે ચમારડીની ગલીઓ અને મહોલ્લામાં ''જય સરદાર''નો એકસૂર પૂરાશે અને સરદારમય માહોલ જોવા મળશે. આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગોપાલભાઈ વસ્તરપરાએ ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલાનાં બાલાપુર ગામે

દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના રોહિસા જુના બસ સ્ટેશન પાસે રહેતા ભાણાભાઈ છગનભાઈ પાંચાભાઈ સાંખટ નામના ૩૨ વર્ષિય શ્રમિક યુવકને તા. ૨૮ના આશરે સાડા બારેક વાગ્યે ઈલેકટ્રીક શોક લાગતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### કમોસમી વરસાદથી ચિંતાનો માહોલ


# અમરેલી સહિત ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી, અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય

## આગામી ૨ થી ૩ દિવસ ભારે વરસાદની શકયતા

અમરેલી, તા. ૨૯

અમદાવાદ/અમરેલી : હવામાન વિભાગે ગુજરાતમાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય હોવાને કારણે આગામી ૩ દિવસ ભારે વરસાદનો ખતરો વધી ગયો છે.

વિશેષ રૂપે, આજે અમરેલી અને ભાવનગર જિલ્લામાં અતિભારે



વરસાદની શકયતા છે. ઉપરાંત, જૂનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે નાગરિકોને સાવધાની રાખવાની સૂચના આપી છે. ખેતીબાડી અને ફલફળના ખેતરો, ગામડાં અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પાણી ભરાવા અને પૂરથી બચવાની તૈયારી રાખવાની હુકમ આપી છે.

મુખ્યત્વે અમરેલી જિલ્લામાં ખેડૂતો માટે આ આગાહી ગંભીર છે, કારણ કે અત્યાર સુધીના વરસાદથી ખેતરો પર અસર થઈ રહી છે. તંત્ર દ્વારા પાણીની વ્યવસ્થા, રસ્તાઓના સંભાળ અને આવજવાની વ્યવસ્થા માટે તાત્કાલિક પગલાં લેવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગે આગાહી છે કે આગામી ૫ દિવસ દરમિયાન રાજયમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ચાલુ રહેશે, જેથી લોકો પોતાની સુરક્ષા અને જાનમાલની રક્ષા માટે સાવધાન રહેવા વિનંતી કરવામાં આવી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૪૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૧ |
| ૪ | ચણા | ૯૧૦ | ૧૦૪૦ |
| ૫ | ચણા સફેદ | ૧૦૧૫ | ૧૧૫૫ |
| ૬ | ચણા છોલે | ૧૭૦૦ | ૧૭૩૬ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૭૩૬ |
| ૮ | તુવેર | ૭૦૦ | ૭૧૦ |
| ૯ | અડદ | ૯૦૦ | ૧૦૪૦ |
| ૧૦ | મગ | ૧૦૩૦ | ૧૪૮૧ |
| ૧૧ | કલંજી | ૩૪૦૦ | ૩૫૦૦ |
| ૧૨ | સોયાબીન | ૫૮૦ | ૮૨૫ |
| ૧૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૫ |
| ૧૪ | શીંગફાડા | ૯૦૫ | ૯૩૫ |
| ૧૫ | મગફળી | ૬૫૦ | ૮૩૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૩૮૫ | ૧૪૯૬ |
| ૨ | કપાસ કોડી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૩ | મગફળી | ૭૪૦ | ૯૩૬ |
| ૪ | ઘઉં | ૪૨૫ | ૪૨૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## બનઅધિકૃત હોર્ડિંગ હટાવો

શકયતા હોવાથી કોઈપણ પ્રકારની આકસ્મીક દુર્ઘટના બનવાની સંભાવના છે.

વધુમાં જણાવે છે કે, ગુજરાત રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતાનું સ્ટેચ્યુ અમરેલી શહેરની મધ્યમાં આવેલ રાજકમલ ચોક ખાતે હોય તેમજ શહીદ સ્મારક ફરતે પણ શહેરની અનેક સંસ્થાઓ, રાજકીય પક્ષો ધ્વારા અનેકવાર સ્ટેચ્યુ ફરતે બેનર બાંધીને અપમાન કરવામાં આવે છે. આવા તાત્કાલીક ધોરણે હટાવવામાં આવે અને હવે પછી જો કોઈ સંસ્થા અથવા રાજકીય પાર્ટી ધ્વારા સ્ટેચ્યુ, શહીદ સ્મારકનાં ફરતે બેનરો બાંધવામાં આવશે તો તેની ઉપર નગરપાલિકા ધ્વારા દંડ વસુલવામાં આવે.

આગોતરા સાવચેતીના ભાગરૂપે નગરપાલિકા ધ્વારા તાત્કાલિક ધોરણે આવા તમામ હોર્ડિંગ, બેનરો તથા પોસ્ટરો ઉતારી લેવામાં આવે અને તાત્કાલિક કાર્યવાહી કરીને નાગરીકોની સુરક્ષા માટે યોગ્ય પગલા લેવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ૨૦ વર્ષની સખ્ત કેદ

સ્પેશીયલ પોકસો કોર્ટ અને ચોથા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલ અને પુરાવાને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ દ્વારા આરોપીને અલગ અલગ ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫,૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં વડિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની અભ્યાસ કરતી તરૂણીને ખેડા જિલ્લાના ગળથેર ગામે રહેતો આરોપી અશ્વીન ઉર્ફે રાજેશ રમેશભાઈ માચ્છી ગત તા. ૯/૪/૨૪ના રોજ બપોરના ૩ વાગ્યાના સમયે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૭ ઈ.જી.–૨૦૬૬ ઉપર તરૂણીને લલચાવી ફોસલાવી અને બદકામ કરવા ઈરાદે તેણીને મોટર સાયકલમાં બેસાડી વાલીપણામાંથી ભગાડી લઈ ગયેલ તે અંગે જે તે સમયે વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અમરેલીના સ્પેશીયલ પોકસો કોર્ટ અને ચોથા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલ અને પુરાવાને કોર્ટે માન્ય રાખી સ્પે. જજે દ્વારા આરોપી અનિ ઉર્ફે રાજેશભાઈ રમેશભાઈ માચ્છીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ મુજબના ગુનામાં ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫,૦૦૦નો દંડ તેમજ કલમ ૩૭૬(૩), ૩૭૬(૨)(જે), ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૬ તથા ૧૮ મુજબના ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૫૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૪૦ | ૯૮૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## ૨ નાં મૃતદેહ મળી આવ્યા

બપોરના આશરે ૩ વાગ્યા દરમ્યાન ધારેર ગામે ધાતરવડી ડેમના કોજવે પાસે ધારેર ગામના સ્મશાન પાસે આવેલ નદીના કોઝવે ઉપરથી પસાર થતા તે દરમ્યાન પાણીના પ્રવાહમાં ભરતભાઈ ખીમાભાઈ પરમાર અચાનક પાણીમાં તણાય જતા તેમનાં ભાઈઓ મેરામભાઈ, કાનાભાઈ તથા ભરતભાઈ અને કૌટુબિંક બનેવી પિન્ટુભાઈ વિગેરે ડુબી રહેલા હીમતભાઈ તેને બચાવવા જતા તેઓ પણ પાણીના પ્રવાહમાં ડુબી જઈ તણાય ગયા હતા.

આ બનવાની જાણ થતાં જ રાજુલા મામલતદાર અને રાજુલા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી જઈ બચાવ કામગીરી હાથ ધરેલ હતી. અને પાણીમાં તણાયેલા ચારેય ઈસમોની શોધખોળ આદરી હતી. અને અમરેલી ફાયર ટીમ તથા એન.ડી.આર.એફ.ની મદદ લેવામાં આવી હતી.

આજે સવારે અમરેલી ફાયર ટીમે આ બચાવ કામગીરીમાં જોડાતા આજે વ્હેલી સવારે મેરામભાઈ ખીમાભાઈ પરમારનો મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સોંપી આપેલ હતો. જયારે આજે બપોરના સમયે વધુ એક મૃતદેહ પીન્ટુભાઈ પાંચાભાઈ વાઘેલાનો બનાવ સ્થળથી લગભગ ૮ કી.મી. દુર ઝપોદર ગામના પાદરમાંથી મળી આવેલ છે. આ બનવાથી મૃતકના પરિવારમાં ભારે ગમગીની છવાય જવા પામેલ છે.

ગઈકાલ બનેલા આ બનાવમાં હજુ બે લોકોની શોધખોળ અમરેલી ફાયર ટીમ તથા એનડીઆરએફ દ્વારા સ્થાનિક લોકોની મદદથી કરવામાં આવી રહી છે. આ કામગીરીમાં અમરેલી ફાયર ટીમના ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેઆગેવાની નીચે ફાયર સ્ટાફના સાગરભાઈ પુરોહિત, સવજીભાઈ ડાભી, પ્રવીણભાઈ ચૌહાણ, ભગતસિંહ ગોહિલ, ભુરીયા જગદીશ, ગાભવા મિલનભાઈ, ધર્મેશ જુવાદરીયા તથા ગઢવી હર્ષપાલ સહિતનો સ્ટાફ જહેમત ઉઠાવી રહયો છે.

આજે સાંજે આ બનાવ સ્થળે ધોધમાર વરસાદ શરૂ થતાં અને નદીમાં પાણીનો પ્રવાહ વધી જતાં અમરેલી ફાયર ટીમની બોટમાં પાણી ભરાય જવાથી હાલ તુરંત કામગીરીમાં વિક્ષેપ ઉભો થયો છે.

## અવસાન નોંધ

**ચલાલા :** હા. બાનુબેન કમરૂદીનભાઈ ઉ.વ.૮૭ તે હાજી શેખ ફીદાહુસેનભાઈ એહમદઅલીના બૈરા તે શબ્બીરભઈ, મહમદીભાઈ, નફીસાબેન (પુના) રૂબાબબેન (બેંગલોર), તસ્નીમબેન (મહુવા) વાળાના 'મા' તા. ૨૮/૧૦/૨૫ ને મંગળવારનારોજ ખુદાની રહેમતમાં પહોંચેલ છે.

મરહુમાના જયારતના ફાતેહા તા. ૩૦/૧૦/૨૫ ને ગુરૂવારના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે ચલાલા મુકામે મહમદી મસ્જીદમાં રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૬૦ |

# સાવરકુંડલાનાં ધાર ગામે ૩૦ લાખનાં ખર્ચથી સુવિધાઓની ભરમાર







સાવરકુંડલા તાલુકાનું ધાર ગામ હવે વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં ગામમાં અંદાજે ૪૦ લાખના ખર્ચે વિવિધ વિકાસના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ કાર્યો ગામના દાતાઓ, ગ્રામજનો અને સરકારના સહયોગથી પૂર્ણ થયા છે. હસમુખભાઈ કાકડીયાએ જણાવ્યું કે તેઓ ધાર ગામના વતની છે અને છેલ્લા કેટલાય વર્ષોથી ગામના વિકાસ માટે લોકો એકતા સાથે કામ કરી રહ્યા છે. ગામમાં સીસી રોડ અને પેપર બ્લોકનું કામ ઉત્તમ રીતે પૂર્ણ થયું છે, જેના કારણે ગામની આંતરિક માર્ગ વ્યવસ્થા મજબૂત બની છે. વરસાદના પાણીનો નિકાલ સરળ બન્યો છે અને લોકો માટે ચાલવા–ફરવા સુવિધા મળી છે. ગામમાં સુરક્ષા માટે ૧૫ થી વધુ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે, જેના કારણે ગામમાં શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ વધ્યું છે. ધાર ગામની એક વિશેષતા એ છે કે અહીં ગટર અને પાણીની સો ટકા વ્યવસ્થા ઉપલબ્ધ છે. દરેક ઘર સુધી સ્વચ્છ પાણી પહોંચે છે અને ગટર વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે કાર્યરત છે. આ સાથે જ ગામ પંચાયત સંપૂર્ણપણે ડિજિટલ સિસ્ટમ પર કાર્યરત છે જે આધુનિક શાસન તરફ એક મોટું પગલું ગણાય છે. ગ્રામજનો ઓનલાઈન માધ્યમથી અનેક સેવાઓનો લાભ લઈ શકે છે, જેનાથી સમય અને સંસાધનો બંનેની બચત થાય છે. ગામની કુલ વસ્તી આશરે ૩,૦૦૦ છે, જેમાંથી લગભગ ૨,૦૦૦ લોકો સુરત, અમદાવાદ અને વડોદરા જેવા મહાનગરોમાં રોજગાર અને વ્યવસાય માટે વસે છે. તેમ છતાં, તેઓ પોતાના વતન સાથે સતત જોડાયેલા છે અને ગામના વિકાસ માટે આર્થિક સહાયતા આપતા રહે છે. હસમુખભાઈ કાકડીયા કહે છે કે ''ગામમાં સતત વિકાસના કાર્યો ચાલુ છે. દરેક વર્ષે નવા પ્રોજેકટ હાથ ધરવામાં આવે છે અને ગ્રામજનોનો સહયોગ મળતો રહે છે.'' ગામમાં સફાઈ, પાણી અને વીજળીની સુવિધાઓ ઉપરાંત જાહેર સ્થળો પર પ્રકાશની વ્યવસ્થા અને માર્ગ સુવિધા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ધાર ગામે બતાવ્યું છે કે જો ગ્રામજનો અને પંચાયત સાથે મળી કાર્ય કરે તો નાનું ગામ પણ આધુનિકતા અને સુવિધાઓમાં શહેરોને ટક્કર આપી શકે છે. આ રીતે ધાર ગામ હવે સાવરકુંડલા તાલુકામાં એક મોડેલ ગ્રામપંચાયત તરીકે ઓળખાઈ રહ્યું છે, જેનાથી અન્ય ગામો પણ પ્રેરણા લઈ રહ્યા છે.

## શહેરભરમાં જાહેરાતનાં હોર્ડિંગ યમદૂતની જેમ જોવા મળી રહ્યા હોય

# અમરેલીમાં જોખમી બનેલ બિનઅધિકૃત હોર્ડિંગ હટાવો


**ભારે પવનની આગાહી હોય જાહેર માર્ગો કે ટ્રાફિકથી ધમધમતા માર્ગો ઉપરનાં હોર્ડિંગ હટાવો**

**સંતો, મહાપુરૂષોની પ્રતિમાને પણ હોર્ડિંગથી ઘેરી લેવામાં આવી રહી છે**

**પાલિકાનાં શાસકો કયાં કારણોસર બિનઅધિકૃત હોર્ડિંગ હટાવતા નથી તે તપાસનો વિષય**

**પાલિકાનાં વિપક્ષી નગરસેવિકા સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને રજૂઆત કરી**






અમરેલી, તા. ૨૯
અમરેલી શહેરમાં અવનવી જાહેરાતોનાં હોર્ડિંગ જાહેર માર્ગો કે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં જોવા મળી રહ્યા છે. સંતો, મહાપુરૂષોની પ્રતિમાને પણ હોર્ડિંગથી ઢાંકી દેવામાં આવે કે કે ઊંચી બિલ્ડિંગ ઉપર મહાકાય હોર્ડિંગ જોવા મળી રહ્યા હોય પાલિકાનાં વિપક્ષી નગર સેવિકા સેજલબેન સોલંકીએ બિનઅધિકૃત હોર્ડિંગ હટાવી લેવા ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવેલ છે. હાલ અમરેલી શહેરમાં વતન આવતા લોકોની અવરજવર ખૂબ જ મોટા પ્રમાણમાં થઈ રહી છે.

આ સમયે શહેરનાં મુખ્ય માર્ગો તથા જાહેર સ્થળોએ બિનઅધિકૃત રીતે મોટા હોર્ડિંગ, બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગ અને બેનરો પવનના ઝોકા દરમ્યાન પડવાની

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

# વડિયાનાં ગ્રામ્ય વિસ્તારની સગીરાને ભગાડી જનારને ૨૦ વર્ષની સખ્ત કેદ

**આરોપીને રૂપિયા ૧૫ હજારનો દંડ પણ થયો**

અમરેલી, તા. ૨૯
વડિયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની અભ્યાસ કરતી તરૂણીને ખેડા જિલ્લાના ગળથેર ગામે રહેતો આરોપી દોઢ વર્ષ પહેલાં તરૂણીને લલચાવી ફોસલાવી અને બદકામ કરવાનાં ઈરાદે તેણીને મોટર સાયકલમાં બેસાડી ભગાડી લઈ ગયાની જે તે સમયે વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અમરેલીના

અનુસંધાન પાના ૬ ઉપર









## સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા તડામાર તૈયારીઓ

# બાબરાનાં ચમારડી ગામે આવતીકાલે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની કરાશે ઉજવણી

**રાજકીય, સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે**




અમરેલી, તા. ૨૯
અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે બાબરા તાલુકાના ચમારડી ગામના જાણીતા ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ આગામી ૩૧ ઓકટોબરને શુક્રવારે લોહપુરૂષ સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે બાબરા તાલુકાના ચમારડી ગામના સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાના વતન ચમારડી ગામ ખાતે સરદાર પટેલની પ્રતિમાને સવારે ૯:૩૦ કલાકે પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવશે. ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા લાઠી બાબરા દામનગર સહીત સમગ્ર

અનુસંધાન પાના ૬ ઉપર






## નાગેશ્રી, હેમાળ, કડિયાળી, વઢેરા સહિત

# જાફરાબાદનાં કોસ્ટલ વિસ્તારમાં મોડી સાંજે પૂનઃ કમોસમી વરસાદ

**ધોધમાર વરસાદથી સાગર ખેડૂતો ચિંતિત**



અમરેલી, તા. ૨૯
અમરેલી જિલ્લામાં સતત ૪ દિવસથી શરૂ થયેલ કમોસમી વરસાદથી કહેર વર્તાઈ રહ્યો છે. જમીન ખેડુતો બાદ સાગર ખેડૂઓ પણ ચિંતિત બન્યા છે.

આજે મોડી સાંજે જાફરાબાદનાં નાગેશ્રી, હેમાળ, કડિયાળી, વઢેરા સહિતનાં ગામોમાં કમોસમી વરસાદ શરૂ થતાં સૌ કોઈ ચિંતીત બન્યા છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)